સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS


YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

ICE CURRENT NEWS

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

દરેક નવા વીડિયોના NOTIFICATION માટે BELL icon PRESS કરો.



સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


[JUNE JULY-2019]
[30/06 to 06/07]

# WEEK-27

### CURRENT TOPIC

- Economic Survey 2018-19
- ભારતના વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર ગુજરાતમાંથી રાજ્યસભામાં ચૂંટાયા
- ભારતમાં જળ સંરક્ષણ માટે 'જળ શક્તિ' અભિયાન લૉન્ચ
- Qs World University Rankings 2020
- એક રાષ્ટ્ર, એક રેશન કાર્ડ યોજના
- જનજાતિ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા 'ગો ટ્રાઈબલ અભિયાન' લૉન્ચ


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR,
KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 30 JUNE, 2019 SUNDAY

## ➤ દિવસ મહિમા : 30 જૂન, (1) World Social Media Day (2) આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ

### આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ

30 જૂન, 2019ના રોજ બીજા 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.



- આ અગાઉ 30 જૂન 2018ના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સમગ્ર વિશ્વમાં પ્રથમ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ' (International parliamentarism day)ની ઉજવણી કરવામાં આવી હતી.
- વર્તમાન સમયે વિશ્વના આશરે 193 દેશોમાં સંસદીય વ્યવસ્થા અસ્તિત્વમાં છે.
- લોકશાહી માટે સંસદીય વ્યવસ્થા ખૂબ જ અગત્યની છે.
- આથી, સંસદીય વ્યવસ્થાનું મહત્ત્વ અથવા તો અગત્યતા સમજાવવા માટે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 30 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.

### 30 જૂનની પસંદગી શા માટે?

30 જૂન 1889ના રોજ આંતરરાષ્ટ્રીય સ્તરે સંસદીય કાર્ય પ્રણાલી માટે 'ઇન્ટર પાર્લિયામેન્ટરી યુનિયન'ની સ્થાપના કરવામાં આવી હતી.

- આથી, 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ'ની ઉજવણી માટે 30 જૂનની પસંદગી કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાત સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં (Dearness Allowance-DA)માં 3 ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

- આ સાથે જ ગુજરાત સરકારના કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાનો દર હવે 9 ટકાથી વધીને 12 ટકા થઈ ગયો છે.
- સરકારના આ નિર્ણયનો અમલ 1 જાન્યુઆરી, 2019થી થશે.
- સરકારના આ નિર્ણયથી રાજ્યના આશરે 9.61 લાખ જેટલા સરકારી કર્મચારીઓને લાભ થશે.
- આ નિર્ણયથી સરકારને વાર્ષિક રૂ. 1071 કરોડનો વધારાનો ખર્ચ થશે.



## ➤ બિહારમાં 'ચમકી' નામના મગજના તાવને કારણે 140થી વધુ બાળકોના મોત



તાજેતરમાં ભારતના બિહારમાં સ્થાનિક લોકોમાં 'ચમકી' તરીકે ઓળખાતા રહસ્યમય મગજના તાવને કારણે 140થી વધુ બાળકોના મોત થયા છે.

- ખાસ કરીને બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં આ તાવનો સૌથી વધુ ઉપદ્રવ જોવા મળ્યો છે.
- આ તાવને મેડિકલની ભાષામાં Acute Encephalitis Syndrome (AES) અથવા તો Japanese Encephalitis (JE) તરીકે ઓળખવામાં આવે છે.

### તાવના લક્ષણો



ખાસ કરીને 15 વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં આ તાવ વધુ જોવા મળે છે.

- તેમાંય મૃત બાળકોમાં 1 થી 7 વર્ષના બાળકોનું પ્રમાણ વધારે છે.
- આ બિમારીમાં શરૂઆતમાં ભારે તાવના લક્ષણો જોવા મળે છે.
- ત્યાર બાદ બાળકને આંચકી આવવા લાગે છે.
- આ ઉપરાંત શરીરમાં બ્લડ સુગરનું પ્રમાણ ઘટતા બાળકોને મગજનો તાવ આવે છે, તેમજ ઝાડા–ઉલટી થઈ જાય છે. અને બાળક બેહોશ થઈને અંતે મૃત્યુ પામે છે.
- આ તાવને કારણે પીડીત બાળકો કોમામાં પણ જઈ શકે છે.

### આ તાવનું કારણ



આ તાવને કારણે થયેલા મૃત્યુનું કારણ હાઈપોગ્લાઈસીમિયા એટલે કે રક્તમાં સુગરની કમી જવાબદાર છે.

- બિહારના મુઝફ્ફરપુરમાં આ રોગ વકરવા પાછળ લીચી નામના ફળને દોષિત ઠરાવવામાં આવ્યું છે.
- આ તાવ લીચીમાં જોવા મળતા ઝેરી તત્ત્વથી ફેલાયો હોવાનું માનવામાં આવે છે.
- લીચીમાં હાઈપોગ્લાયસિન અને મીથિલિન સાઈક્લોપ્રોપાઈલ ગ્લાઈસિન નામના તત્ત્વો મળી આવે છે, જે ફેટી એસિડ બનાવવામાં આવરોધરૂપ બને છે. એ કારણે લોહીમાં સુગરનું પ્રમાણ ઘટી જાય છે, જેને હાઈપોગ્લાઈસીમિયા કહે છે.

**નોંધ :** (1) બિહારના મુઝફ્ફરપુર અને આસપાસના વિસ્તારોમાં લીચીનો પાક વ્યાપક રીતે લેવાય છે.
(2) મુઝફ્ફરપુરની સૌથી મોટી શ્રીકૃષ્ણ મેડિકલ કોલેજ હોસ્પિટલ (SKMCH)માં સૌથી વધુ એટલે કે 100થી વધુ બાળકોનાં મૃત્યુ થયા છે.

## ICE Questions

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1. | 'વર્લ્ડ સોશિયલ મીડિયા ડે' તરીકે કયો દિવસ ઉજવાય છે ? | (A) 28 જૂન | (B) 29 જૂન | (C) 30 જૂન | (D) 1 જુલાઈ | (C) |
| 2. | 'આંતરરાષ્ટ્રીય સંસદીયતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ? | (A) 28 જૂન | (B) 29 જૂન | (C) 30 જૂન | (D) 1 જુલાઈ | (C) |
| 3. | તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા ગુજરાત સરકારના કર્મચારીઓ અને પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો છે ? | (A) 1.5 | (B) 2 | (C) 2.5 | (D) 3 | (D) |
| 4. | તાજેતરમાં ગુજરાત સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ નવા વધારા બાદ ગુજરાત સરકારના કર્મચારીઓનો મોંઘવારી ભથ્થાનો દર વધીને કેટલા ટકા થઈ ગયો છે ? | (A) 9 | (B) 10 | (C) 12 | (D) 14 | (C) |
| 5. | તાજેતરમાં બિહારના કયા જિલ્લામાં રહસ્યમય મગજના તાવને કારણે 140થી વધુ બાળકોનાં મોત થયા છે ? | (A) બેગુસરાય | (B) કિશનગંજ | (C) મુઝફ્ફરપુર | (D) લખિસરાઈ | (C) |
| 6. | તાજેતરમાં બિહારના મુઝફ્ફરપુર નામના જિલ્લામાં રહસ્યમય મગજના તાવના કારણે 140થી વધુ બાળકોનાં મોત થયા છે... આ તાવને કયા નામે ઓળખવામાં આવે છે ? | (A) ચમકી | (B) જાપાનીસ ઈન્સેફેલાઈટિસ (JE) | (C) એક્યૂટ ઈન્સેફેલાઈટિસ સિન્ડ્રોમ (AES) | (D) ઉપરોક્ત ત્રણેય | (D) |
| 7. | બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાં ફેલાયેલા રહસ્યમય મગજના તાવ પાછળ કયું ફળ જવાબદાર હોવાનું માનવામાં આવે છે ? | (A) પાઈનેપલ | (B) લીચી | (C) સફરજન | (D) કેરી | (B) |

**1 JULY, 2019 MONDAY**


## ➢ દિવસ મહિમા : 1 જુલાઈ, રાષ્ટ્રીય ડોકટર દિવસ



સમગ્ર ભારતમાં 1 જુલાઈના રોજ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી શ્રી ડો. બિધાન ચંદ્ર રોયની યાદમાં તેમનો જન્મદિન 1 જુલાઈ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઉજવાય છે.
- ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 1991થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- ગુજરાત સરકારના માહિતી વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલું વર્ષ 2019ની 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ'ની ઉજવણીનું સૂત્ર **'સમગ્ર જીવનની સંભાળ...ફેમિલી ડોક્ટર્સનો સાથ...'** છે.
- **ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન** દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસની થીમ **'Zero tolerance against doctors and clinical establishment.'** છે.

## ડૉ. બિધાન ચંદ્ર રોય



ડૉ. બિધાન ચંદ્ર રોય **પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી** હતા.

- 1 જુલાઈ 1882ના રોજ બિહારના **પટના** ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેઓ ખૂબ જ જાણીતા ફીઝીશિયન અને શિક્ષણવિદ્દ હતા.
- ઈન્ડિયન મેડિકલ એસોસિયેશન (IMA) અને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા(MCI)ની સ્થાપનામાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.
- તેમણે ઈન્ડિયન નેશનલ કોંગ્રેસનું નેતાપદ પણ શોભાવ્યું હતું.
- તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન પશ્ચિમ બંગાળમાં **પાંચ નવા શહેરો**ની સ્થાપના થઈ હતી.
- તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક સન્માન **'ભારત રત્ન'** (1961)થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

ગુજરાત સરકારની આવનારી CLASS 1/2/3ની તમામ ભરતીઓ માટે



## ➤ એક રાષ્ટ્ર, એક રેશન કાર્ડ યોજના (One Nation-One Ration Card Scheme)



તાજેતરમાં ભારત સરકારના ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી શ્રી રામ વિલાસ પાસવાને દિલ્હી ખાતેથી કરેલી જાહેરાત અનુસાર 30 જૂન, 2020 સુધીમાં સમગ્ર દેશમાં 'એક રાષ્ટ્ર, એક રેશન કાર્ડ' યોજના લાગુ કરવામાં આવશે.

- આ માટે ભારતમાં તમામ રેશન કાર્ડને આધાર કાર્ડ સાથે જોડવામાં આવશે.
- અને ખાદ્યઅન્ન વિતરણ પ્રથાને POS (Point Of Sale) મશીન સાથે જોડવામાં આવશે.
- વર્તમાન સમયે ભારતના 10 રાજ્યોમાં ખાદ્યઅન્ન વિતરણનું 100 ટકા કાર્ય POS મશીનો દ્વારા થઈ રહ્યું છે અને આ રાજ્યોમાં રેશનની તમામ દુકાનો ઈન્ટરનેટ સાથે જોડાયેલી છે.
- આ 10 રાજ્યોમાં ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા, હરિયાણા, ઝારખંડ, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ત્રિપુરાનો સમાવેશ થાય છે.
- આ રાજ્યોમાં લાભાર્થી સસ્તા અનાજ વિતરણની કોઈપણ દુકાનેથી અનાજ મેળવી શકે છે.
- આ રાજ્યોમાંથી 15 ઓગસ્ટ, 2019 સુધીમાં આંધ્રપ્રદેશ અને તેલંગાણા, ગુજરાત અને મહારાષ્ટ્રના લાભાર્થીઓ બંને રાજ્યમાં સ્થિત કોઈપણ દુકાનેથી અનાજ મેળવી શકશે એવી સરકારને આશા છે.

### વન નેશન, વન રેશન કાર્ડ યોજનાની વિશેષતા

આ યોજના લાગુ થયા બાદ લાભાર્થી ભારતના કોઈપણ ભાગમાં કોઈપણ સસ્તા અનાજ વિતરણની દુકાનેથી અનાજ મેળવી શકશે.

- આ સુવિધાથી રોજગારી માટે એક સ્થળેથી બીજા સ્થળે કે એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જતા ગરીબ લોકોને લાભ થશે.
- ભારતમાં સાર્વજનિક અનાજ વિતરણ પ્રણાલી અંતર્ગત દર વર્ષે 81 કરોડ લોકોને 612 લાખ ટન અનાજનું વિતરણ કરવામાં આવે છે. આ તમામ લોકોને આ યોજનાથી લાભ થશે.
- આ યોજના લાગુ થયા બાદ લાભાર્થીઓ કોઈ એક રેશનની દુકાન સાથે બંધાયેલા નહિ રહે. એ સાથે જ રેશનના દુકાનદારોની મનમાની અને ચોરી બંધ કરવામાં મદદ મળશે.
- આ વ્યવસ્થાને કારણે બનાવટી રેશન કાર્ડ બનાવવું લગભગ અશક્ય બની જશે.



આર્થિક સમૃદ્ધિ, સામાજિક પ્રતિષ્ઠા સલામત નોકરીની
સંયુક્ત કારકિર્દી એટલે જ ગુજરાત સરકાર

બિન સચિવાલય માટે
ફ્રી DEMO LECTURE
સ્પેશિયલ બેચ
11/07/2019
Time : 11:00 to 01:00 PM

10 Mega Test Paper
MEGA TEST SERIES ON OMR SHEET
32+ Weekly Test
2012 - 18
1237+
સફળ ઉમેદવાર

અમદાવાદ
127/ Ratna Business Square,
Old Natraj Cinema,
Opp H.K collage, Ashram Road
CALL : 8469501110 / 8469601110

## ➢ જનજાતિ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા 'ગો ટ્રાઈબલ અભિયાન' લોન્ચ



તાજેતરમાં કેન્દ્ર સરકારના રાજ્યકક્ષાના જનજાતિ મંત્રી **શ્રીમતી રેણુકા સિંહ** દ્વારા **નવી દિલ્હી** ખાતેથી **'ગો ટ્રાઈબલ અભિયાન' (Go Tribal Campaign)** લોન્ચ કરવામાં આવ્યું છે.

- આ કેમ્પેઈનનો મુખ્ય ઉદ્દેશ જનજાતિ હસ્તકલા તથા કુદરતી ઉત્પાદનોના વેચાણને પ્રોત્સાહન આપીને જનજાતિ સમુદાયને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવાનો છે.
- આ માટે **TRIFED** દ્વારા **Amazon** સાથે કરાર કરવામાં આવ્યા છે.
- આ કરાર અંતર્ગત **'ટ્રાઈબ્સ ઈન્ડિયા'** બ્રાન્ડના જનજાતિ હસ્તકલા તથા કુદરતી ઉત્પાદનો એમેઝોનના માધ્યમથી **અમેરિકા** સહિત વિશ્વના લગભગ **190 દેશો**માં ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આથી, વિશ્વભરમાં આ ઉત્પાદનોની નિકાસ સરળતાથી થઈ શકશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## TRIFED

**TRIFEDનું** પૂરું નામ **Tribal Cooperative Marketing Development Federation of India Limited** છે.

- **ટ્રાઈફેડ** એ ભારત સરકારના **જનજાતિ કાર્ય મંત્રાલય** હેઠળ કાર્ય કરતી એક સંસ્થા છે.
- આ સંસ્થા દ્વારા **'ટ્રાઈબ્સ ઈન્ડિયા'** બ્રાન્ડ નેઈમથી જનજાતિ કલા અને હસ્તકલા સહિત જનજાતિ ઉત્પાદનોનું વેચાણ અને તેના વિકાસનું કાર્ય કરવામાં આવે છે.

## ગો ટ્રાઈબલ અભિયાન અંતર્ગત થયેલા કરાર

(1) **'ટ્રાઈબ્સ ઈન્ડિયા'** બ્રાન્ડના ઉત્પાદનો **Amazon.com** પર સમગ્ર વિશ્વમાં વેચવા માટે **TRIFED** (અથવા **ટ્રાઈબ્સ ઈન્ડિયા**) અને **Amazon** વચ્ચે કરાર.

(2) જનજાતિ **રેશમ** ઉત્પાદનોના વિકાસ માટે **'ટ્રાઈબ્સ ઈન્ડિયા'** અને **કેન્દ્રીય રેશમ બોર્ડ** વચ્ચે કરાર.

(3) મહાત્મા ગાંધીજીની 150મી જયંતી સમારોહ અંતર્ગત ટ્રાઈફેડ દ્વારા **ખાદીના કુર્તા અને જેકેટ** લોન્ચ કરવામાં આવ્યા છે. આ માટે **'આઈ એમ' ખાદી ફાઉન્ડેશન** સાથે TRIFED અથવા ટ્રાઈબ્સ ઈન્ડિયાના કરાર.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ICE ? Questions

1. ભારતમાં 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 1 જૂન (B) 1 જુલાઈ (C) 2 જૂન (D) 2 જુલાઈ — **(B)**

2. ભારતમાં કોનો જન્મદિન 1 જુલાઈ 'રાષ્ટ્રીય ડોક્ટર દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) ડો. વિદ્યા સાગર રોય (B) ડો. વિશ્વંભર રોય
(C) ડો. બિધાન ચંદ્ર રોય (D) ડો વિદ્યા ચંદ્ર રોય — **(C)**

3. તાજેતરમાં કેન્દ્રીય મંત્રી શ્રી રામ વિલાસ પાસવાને કરેલી જાહેરાત અનુસાર ભારતમાં 'એક રાષ્ટ્ર, એક રેશન કાર્ડ યોજના' સમગ્ર દેશમાં ક્યાં સુધીમાં લોન્ચ કરવામાં આવશે ?
(A) 30 જૂન 2020 (B) 30 જુલાઈ 2020 (C) 30 જૂન 2021 (D) 30 જુલાઈ 2021 — **(A)**

4. જનજાતિ હસ્તકલા તથા કુદરતી ઉત્પાદનોના વેચાણને પ્રોત્સાહન આપીને જનજાતિ સમુદાયને આર્થિક રીતે સમૃદ્ધ બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) ગો ટ્રાઈબલ (B) ગો ઈન્ડિયા
(C) ટ્રાઈબલ ઈન્ડિયા (D) ગો ટ્રાઈબલ વર્લ્ડ — **(A)**

5. 'ગો ટ્રાઈબલ અભિયાન' અંતર્ગત જનજાતિ હસ્તકલા તથા કુદરતી ઉત્પાદનો અમેરિકા સહિત વિશ્વના લગભગ 190 જેટલા દેશોમાં ઉપલબ્ધ કરાવવા માટે તાજેતરમાં ટ્રાઈફેડ અથવા ટ્રાઈબ્સ ઈન્ડિયા દ્વારા કોની સાથે કરાર કરવામાં આવ્યા છે ?
(A) ફ્લિપકાર્ટ (B) એમેઝોન (C) અલીબાબા (D) સ્નેપડીલ — **(B)**

6. 'ગો ટ્રાઈબલ અભિયાન' અંતર્ગત જનજાતિ રેશમ ઉત્પાદનોના વિકાસ માટે 'ટ્રાઈબ્સ ઈન્ડિયા' દ્વારા તાજેતરમાં કોની સાથે કરાર કરવામાં આવ્યા છે ?

(A) કેન્દ્રીય રેશમ બોર્ડ (B) ગ્લોબલ રેશમ બોર્ડ

(C) નેશનલ રેશમ બોર્ડ (D) ઈન્ટરનેશનલ રેશમ બોર્ડ

**(A)**

7. ભારત સરકારના જનજાતિ કાર્ય મંત્રાલય હેઠળની ટ્રાઈફેડ નામની સંસ્થા દ્વારા કઈ બ્રાન્ડ નેઈમથી જનજાતિ હસ્તકલા તથા જનજાતિ ઉત્પાદનોનું વેચાણ કરવામાં આવે છે ?

(A) ટ્રાઈબલ ઈન્ડિયા (B) ટ્રાઈબ્સ ઈન્ડિયા (C) ટ્રાઈબલ વર્લ્ડ (D) ટ્રાઈબ્સ વર્લ્ડ

**(B)**


ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

સ્પેશિયલ બેચ

ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ Special Discount

ફ્રી ટ્રાયલ લેક્ચર 09/07/19 સમય : સાંજે 7 to 9

50% Discount 85% થી વધુને

20% Discount 70% થી વધુને

10% Discount 40% થી વધુને

2012 - 18 1237+ સફળ ઉમેદવાર

સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે Current Affairsના Special Lecture ફ્રી માં રહેશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

9375701110
9328001110

રાજકોટ
કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે,

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

## 2 JULY, 2019 TUESDAY

### ➤ ભારતમાં જળ સંરક્ષણ માટે 'જળ શક્તિ' અભિયાન લોન્ચ



1 જુલાઈ 2019ના રોજ કેન્દ્રીય પ્રથમ જળ શકિત મંત્રી **શ્રી ગજેન્દ્ર સિંહ શેખાવત** દ્વારા **'જળ શકિત' અભિયાન** લોન્ચ કરવામાં આવ્યું છે.

- ભારતમાં **જળ સંરક્ષણ તથા જળ સુરક્ષા**ના ઉદ્દેશથી આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

#### 'જળ શક્તિ' અભિયાનની વિશેષતા

(1) ભારતમાં **1 જુલાઈ, 2019થી 15 સપ્ટેમ્બર 2019** સુધી **લોક ભાગીદારી**થી આ અભિયાન ચલાવવામાં આવશે.

(2) કેટલાક રાજ્યોમાં **1 ઓક્ટોબર, 2019થી 30 નવેમ્બર 2019** સુધી આ અભિયાનના **બીજા ચરણનું** આયોજન કરવામાં આવશે.

(3) આ અભિયાનમાં **પાણીની અછતવાળા 256 જિલ્લાઓના 1,592 બ્લોક** પર ફોકસ કરવામાં આવશે.

(4) ભારત સરકાર તથા રાજ્ય સરકારોના વિવિધ મંત્રાલયોના **સામુહિક પ્રયાસો**થી આ અભિયાન ચલાવવામાં આવશે. જેમાં વિવિધ મંત્રાલયોના સમન્વયનું કાર્ય ભારત સરકારના **'પેયજળ (પીવાનું પાણી) અને સ્વચ્છતા વિભાગ'** દ્વારા કરવામાં આવશે.

(5) આ અભિયાનના વ્યાપક પ્રચાર પ્રસાર માટે સ્કૂલ–કોલેજના વિદ્યાર્થીઓ, NGO, પંચાયતી રાજ સંસ્થાના સભ્યો, યુવા જૂથો, સંરક્ષણ કર્મચારીઓ, ભૂતપૂર્વ સૈનિકો તથા પેન્શનરોને આ અભિયાનમાં જોડવામાં આવશે.

**નોંધ :** ભારતમાં પાણીની સમસ્યાના નીરાકરણ માટે અને વરસાદી પાણીના વધુને વધુ સંગ્રહ માટે ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** તાજેતરમાં ભારતના **2.3 લાખથી વધુ સરપંચશ્રીઓને** પત્ર લખ્યો હતો.

#### આ અભિયાન અતંર્ગત કયા ક્ષેત્રમાં કામ કરવામાં આવશે ?

જળ શક્તિ અભિયાન હેઠળ મુખ્યત્વે પાંચ ક્ષેત્રોમાં કામ કરવામાં આવશે :

(1) પાણી સંરક્ષણ અને વરસાદી પાણીનો સંગ્રહ

(2) પરંપરાગત અને અન્ય જળાશયોનું રિનોવેશન

(3) રિયુઝ, બોરવેલ રિચાર્જ સ્ટ્રક્ચર્સ

(4) વોટરશેડ ડેવલપમેન્ટ

(5) સઘન વનીકરણ

**નોંધ :** (1) 'જળ શક્તિ' અભિયાનના પ્રચાર માટે તાજેતરમાં ફિલ્મ અભિનેતા **શ્રી અમિતાભ બચ્ચન** અને **શ્રી આમિર ખાને** પોતાનો શોર્ટ વીડિયો મેસેજ લોન્ચ કર્યો છે.

(2) 'જળ શક્તિ' અભિયાનની થીમ અથવા તો સૂત્ર **'સંચય જલ, બેહતર કલ'** છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ 'ભારતીય કૃષિમાં સુધારણા' માટે ઉચ્ચ અધિકાર સમિતિની રચના



ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **'ભારતીય કૃષિમાં સુધારણા'** માટે ભલામણ કરવા **મુખ્યમંત્રીઓની** એક ઉચ્ચ અધિકાર સમિતિની રચના કરી છે.

- **કુલ 9 સભ્યો**ની આ સમિતિમાં **મહારાષ્ટ્ર**ના મુખ્યમંત્રી **શ્રી દેવેન્દ્ર ફડણવીસ** આ સમિતિના **સંયોજક** રહેશે.
- આ સમિતિના સભ્યોમાં ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**નો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- આ સમિતિ કૃષિ ક્ષેત્રમાં સુધારા તથા ખેડૂતોની આવક વધારવા માટેના ઉપાયોની ભલામણ કરશે.
- આ સમિતિ **બે મહિના**માં પોતાનો રિપોર્ટ રજૂ કરશે.

### સમિતિના સભ્યો

- **મહારાષ્ટ્ર**ના મુખ્યમંત્રી **શ્રી દેવેન્દ્ર ફડણવીસ** આ સમિતિના **સંયોજક** રહેશે.
- આ સમિતિના સભ્યોમાં **ગુજરાત**, **હરિયાણા**, **કર્ણાટક**, **અરૂણાચલ પ્રદેશ**, **ઉત્તરપ્રદેશ** અને **મધ્યપ્રદેશ**ના મુખ્યમંત્રીઓનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત **કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી નરેન્દ્ર સિંહ તોમર** આ સમિતિના સભ્ય રહેશે.
- જ્યારે નીતિ આયોગના સભ્ય **શ્રી રમેશ ચંદ્ર** આ સમિતિના **સચિવ** રહેશે.

**નોંધ :** 'ભારતીય કૃષિમાં સુધારણા' માટે રચાયેલી આ સમિતિ **નીતિ આયોગ** સંબંધિત હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



ICE ? Questions

1. ભારતમાં જળ સંરક્ષણ તથા જળ સુરક્ષા માટે 1 જુલાઈ 2019ના રોજ ભારત સરકાર દ્વારા કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) જળ સંરક્ષણ (B) જળ સુરક્ષા (C) જળ શક્તિ (D) જળ ક્રાન્તિ **(C)**

2. ભારતમાં જળ સંરક્ષણ તથા જળ સુરક્ષા માટે 1 જુલાઈ 2019થી કયાં સુધી 'જળ શક્તિ' અભિયાનના પ્રથમ ચરણનું આયોજન કરવામાં આવ્યું છે ?
(A) 1 ઓગસ્ટ, 2019 (B) 15 ઓગસ્ટ, 2019
(C) 1 સપ્ટેમ્બર, 2019 (D) 15 સપ્ટેમ્બર, 2019 **(D)**

3. ભારત સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા 'જળ શક્તિ' અભિયાન અંતર્ગત મુખ્ય ફોકસ શેના પર રાખવામાં આવશે ?
(A) પાણીની અછતવાળા રાજ્યો
(B) પાણીની અછતવાળા ગામડાઓ
(C) પાણીની અછતવાળા ગામડાઓ અને શહેરો
(D) પાણીની અછતવાળા 256 જિલ્લાઓના 1,592 બ્લોક **(D)**

4. ભારત સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા 'જળ શક્તિ' અભિયાનના સમન્વયનું કાર્ય ભારત સરકારના કયા વિભાગ દ્વારા કરવામાં આવશે ?
(A) જળ શક્તિ (B) કૃષિ અને ગ્રામીણ વિકાસ
(C) પેયજળ અને સ્વચ્છતા (D) માનવ સંસાધન વિકાસ **(C)**

5. ભારતમાં પાણીની સમસ્યાના સમાધાન તથા વરસાદી પાણીના સંગ્રહ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં કોને પત્ર લખ્યો હતો ?
(A) દેશના તમામ ધારાસભ્યોને (B) દેશના તમામ સંસદસભ્યોને
(C) દેશના સરપંચશ્રીઓને (D) દેશના તમામ ક્લાસ 1-2 ઓફિસરોને **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

6. ભારત સરકાર દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલા 'જળ શક્તિ' અભિયાનનું સૂત્ર શું છે ?
(A) સ્વચ્છ જલ, બેહતર કલ (B) સુરક્ષિત જલ, બેહતર કલ
(C) સંચય જલ, બેહતર કલ (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

7. તાજેતરમાં નીતિ આયોગ સાથે સંબંધિત કઈ સમિતિના સભ્ય તરીકે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની નિમણૂક કરવામાં આવી છે ?
(A) ગ્રામીણ વિકાસ માટેની ઉચ્ચ અધિકાર સમિતિ
(B) મહિલા અને બાળકલ્યાણ વિકાસ માટેની ઉચ્ચ અધિકાર સમિતિ
(C) જળ સંરક્ષણ માટેની ઉચ્ચ અધિકાર સમિતિ
(D) ભારતીય કૃષિમાં સુધારણા માટેની ઉચ્ચ અધિકાર સમિતિ **(D)**

8. તાજેતરમાં ભારત સરકાર દ્વારા રચાયેલી 'ભારતીય કૃષિમાં સુધારણા' માટેની કુલ 9 સભ્યોની સમિતિમાં સંયોજક તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) શ્રી નરેન્દ્ર સિંહ તોમર (B) શ્રી દેવેન્દ્ર ફડણવીસ
(C) શ્રી રમેશ ચંદ્ર (D) શ્રી વિજયભાઈ રૂપાણી **(B)**




**3 JULY, 2019 WEDNESDAY**

## ➤ સ્વિત્ઝર્લેન્ડમાં નાણા જમા કરાવનાર દેશોની યાદીમાં ભારત 74મા ક્રમે




<u>સ્વિસ નેશનલ બેન્ક (SNB)</u> દ્વારા તાજેતરમાં જાહેર થયેલા વાર્ષિક બેન્કિંગ રિપોર્ટ 2019 અનુસાર <u>સ્વિત્ઝર્લેન્ડ</u>ની બેન્કોમાં નાણા જમા કરાવનાર દેશોની યાદીમાં <u>ભારત 74મા</u> ક્રમે છે.

- આ યાદીમાં <u>બ્રિટન પ્રથમ</u> ક્રમે છે. જ્યારે <u>અમેરિકા</u> બીજા અને <u>વેસ્ટ ઈન્ડિઝ</u> ત્રીજા ક્રમે છે.
- આ બેન્કોમાં જમા થયેલા કુલ નાણામાં ભારતીયોનો હિસ્સો માત્ર <u>0.07 ટકા</u> છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## ➤ ભારત રશિયા પાસેથી 'સ્ત્રમ અટાકા' નામની એન્ટી-ટેન્ક મિસાઈલ ખરીદશે



રશિયા પાસેથી 'સ્ત્રમ અટાકા' (9M120 Ataka અથવા AT-9 Spiral-2) નામની એન્ટી ટેન્ક મિસાઈલ ખરીદવા માટે ભારતીય વાયુદળે રશિયા સાથે એક સોદો કર્યો છે.

- આશરે રૂ. 200 કરોડના ખર્ચે મળનારી આ એન્ટી ટેન્ક મિસાઈલને MI-35 હેલિકોપ્ટરમાં લગાવવામાં આવશે.
- આ મિસાઈલ ત્રણ મહિનામાં ભારતીય વાયુસેનાને મળશે.

## ➤ શ્રી એન. એસ. વિશ્વનાથન ફરી વખત RBIના ડેપ્યુટી ગવર્નર બન્યા



શ્રી એન. એસ. વિશ્વનાથનની એક વર્ષ માટે ફરીથી RBI (રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા)ના ડેપ્યુટી ગવર્નર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- તેમનો નવો કાર્યકાળ 4 જુલાઈ, 2019થી અમલી બનશે.
- RBIના વર્તમાન ડેપ્યુટી ગવર્નરોમાં શ્રી એન. એસ. વિશ્વનાથન ઉપરાંત શ્રી બી. પી. કાનુન્ગો અને શ્રી મહેશકુમાર જૈનનો સમાવેશ થાય છે.
- જ્યારે RBIના ચોથા ડેપ્યુટી ગવર્નર શ્રી વિરલ આચાર્યએ તાજેતરમાં પોતાના પદ પરથી રાજીનામું આપ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

## ICE Questions

1. સ્વિસ નેશનલ બેન્ક દ્વારા તાજેતરમાં જાહેર થયેલા વર્ષ 2019ના એક રિપોર્ટ અનુસાર સ્વિત્ઝર્લેન્ડની બેન્કોમાં નાણા જમા કરાવનાર દેશોની યાદીમાં ભારત કેટલામા ક્રમે છે ?
   (A) 54 (B) 64 (C) 74 (D) 84 — **(C)**

2. સ્વિસ નેશનલ બેન્ક દ્વારા તાજેતરમાં જાહેર થયેલા એક રિપોર્ટ અનુસાર સ્વિત્ઝર્લેન્ડની બેન્કોમાં નાણા જમા કરાવનાર દેશોની યાદીમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
   (A) અમેરિકા (B) બ્રિટન (C) ચીન (D) રશિયા — **(B)**

3. તાજેતરમાં ભારતીય વાયુસેના દ્વારા રશિયા પાસેથી રૂ. 200 કરોડના ખર્ચે કઈ મિસાઈલ ખરીદવા માટે કરાર થયા છે ?
   (A) સ્ત્રમ અટાકા (B) 9M120 Ataka (C) AT-9 Spiral-2 (D) ઉપરોક્ત ત્રણેય — **(D)**

4. તાજેતરમાં ભારતીય વાયુસેના દ્વારા કયા દેશ પાસેથી 'સ્ત્રમ અટાકા' નામની મિસાઈલ ખરીદવા માટે કરાર થયા છે ?
   (A) રશિયા (B) અમેરિકા (C) ઈઝરાયેલ (D) ફ્રાન્સ — **(A)**

5. તાજેતરમાં ભારતે રશિયા સાથે 'સ્ત્રમ અટાકા' નામની મિસાઈલ ખરીદવા માટે કરાર કર્યા છે....આ મિસાઈલ કયા પ્રકારની છે ?

(A) એન્ટી સબમરિન (B) એન્ટિ જેટ (C) એન્ટી ટેન્ક (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

6. તાજેતરમાં RBIના ડેપ્યુટી ગવર્નર તરીકે ફરીથી એક વર્ષ માટે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી મહેશ કુમાર જૈન (B) શ્રી એન. એસ. વિશ્વનાથન
(C) શ્રી બી. પી. કાનુન્ગો (D) શ્રી વિરલ આચાર્ય **(B)**

ICE® FOR COMPETITIVE EXAMS

કરી શકો જો યુદ્ધ પહેલા જ, યુદ્ધની કવાયત
GPSCનો જંગ જીતવા, આવો કરીએ જમાવટ

GPSC
ક્લાસ 1/2

ફ્રી ટ્રાયલ લેક્ચર
11-07-19
સાંજે 7 થી 9

GPSC દ્વારા ICEના 170થી વધુ અધિકારીશ્રીઓ

વિકલી OMR પેપર પ્રેક્ટિસ

સ્માર્ટ વર્ક અને સમજણ શકિતના સમન્વયથી અભ્યાસ

GPSC CLASS 1/2 ઓફિસર બનેલા વિદ્યાર્થી ઉમેદવારોનું સ્વાનુભવસિદ્ધ માર્ગદર્શન

શરૂઆતથી નિમણૂક પત્ર સુધીનો આયોજનબદ્ધ રોડ મેપ

GPSCની નવી પરીક્ષા પદ્ધતિને અનુરૂપ ટુ ધી પોઈન્ટ રીડીંગ મટીરિયલ્સ

પરીક્ષા પાસ કરવાની આક્રમક વ્યૂહરચના

દરેક વિષયની ઊંડાણપૂર્વકની કન્સેપ્ચ્યુઅલ તૈયારી

GPSC CLASS 1/2ની એક્સપર્ટ ટીમ દ્વારા કોચિંગ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે, રાજકોટ.

Call : 9375701110 / 9328001110

## 4 JULY, 2019 THURSDAY

## ➤ Qs World University Rankings 2020




<u>બ્રિટન</u>ની <u>Quacquarelli Symonds (QS)</u> નામની <u>એજ્યુકેશન કંપની</u> દ્વારા તાજેતરમાં <u>World University Rankings 2020</u> પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

- આ રેન્કિંગમાં વિશ્વની શ્રેષ્ઠ <u>1000</u> યુનિવર્સિટીઓની યાદી જાહેર કરવામાં આવી છે.
- જેમાં <u>અમેરિકા</u>ની <u>Massachusetts Institute of Technology (MIT)</u> સમગ્ર વિશ્વમાં <u>પ્રથમ</u> ક્રમે છે.
- વિશ્વની શ્રેષ્ઠ <u>1000</u> યુનિવર્સિટીઓની આ યાદીમાં <u>ભારત</u>ની કુલ <u>23</u> શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ થયો છે. જેમાંથી <u>ટોપ 200</u> યુનિવર્સિટીઓમાં સ્થાન પામેલ ભારતની <u>ત્રણ</u> શિક્ષણ સંસ્થાઓના નામ આ પ્રમાણે છે :

QS World University Rankings 2020

| Rank | Name |
|---|---|
| 152 | Indian Institute of Technology Bombay (IITB) |
| 182 | Indian Institute of Technology Delhi (IITD) |
| 184 | Indian Institute of Science |

## ➤ ભારતના ત્રણ એરપોર્ટને લીઝ પર આપવા કેન્દ્રીય કેબિનેટની મંજૂરી

3 જુલાઈ 2019ના રોજ વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>ની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં <u>Public Private Partnership (PPP)</u> મોડલ અંતર્ગત ભારતના <u>ત્રણ એરપોર્ટ</u>ને લીઝ પર (ભાડા પર) આપવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે.

- આ ત્રણ એરપોર્ટમાં

  (1) <u>અમદાવાદ</u>, (2) <u>લખનૌ</u> અને (3) <u>મેંગલુરુ</u>નો સમાવેશ થાય છે.
- <u>Airports Authority of India</u> હસ્તકના આ ત્રણ એરપોર્ટનું <u>Adani Enterprises Ltd.</u> દ્વારા આગામી <u>50 વર્ષ</u> માટે સંચાલન કરવામાં આવશે.




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ સુપ્રીમ કોર્ટના ચુકાદા હવે 6 સ્થાનિક ભાષાઓમાં પણ ઉપલબ્ધ થશે

સુપ્રીમ કોર્ટ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર હવે સુપ્રીમ કોર્ટના તમામ આદેશ તેની ઓફિશિયલ વેબસાઈટ પર **અંગ્રેજી** ભાષા ઉપરાંત **છ સ્થાનિક ભાષાઓ**માં પણ ઉપલબ્ધ થશે.

- આ છ ભાષાઓમાં **આસામી, હિન્દી, કન્નડ, મરાઠી, ઉડિયા અને તેલુગુ**નો સમાવેશ થાય છે.
- સુપ્રીમ કોર્ટના આ નિર્ણયથી લોકોને હવે સુપ્રીમ કોર્ટના ચુકાદા સમજવા માટે વકીલો પર આધાર રાખવો પડશે નહિ.

### સુપ્રીમ કોર્ટ

- ભારતીય બંધારણના **ભાગ-5**માં **અનુચ્છેદ 124થી 147** અંતર્ગત સુપ્રીમ કોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- ભારતમાં સુપ્રીમ કોર્ટનો નિર્ણય આખરી અને સર્વમાન્ય ગણવામાં આવે છે.
- **28 જાન્યુઆરી, 1950**ના રોજ **નવી દિલ્હી** ખાતે **Chamber of Princes**માં સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી હતી.
- આ અગાઉ ભારતમાં **'ભારત સરકાર અધિનિયમ, 1935'** હેઠળ **'ફેડરલ કોર્ટ'**ની સ્થાપના કરવામાં આવી હતી.
- સુપ્રીમ કોર્ટ એ આ **'ફેડરલ કોર્ટ'**ની અનુગામી સંસ્થા છે.
- સુપ્રીમ કોર્ટની હાલની ઈમારતની ડિઝાઈનના સ્થપતિ **શ્રી ગણેશ ભીખાજી ડિયોલાલીકર** હતા.
- ભારતીય બંધારણના અનુચ્છેદ **124**માં **સર્વોચ્ચ અદાલત**ની સ્થાપનાની જોગવાઈ છે.
- સુપ્રીમ કોર્ટનો **મુદ્રાલેખ** છે : **'યતો ધર્મસ્તતો જયઃ'** એટલે કે **"જયાં ધર્મ છે ત્યાં જ વિજય છે."**
- સુપ્રીમ કોર્ટમાં ન્યાયિક કામકાજ માટે **અંગ્રેજી ભાષા**નો ઉપયોગ કરવામાં આવે છે.
- ભારતમાં સૌપ્રથમ ઈ.સ. **1861**માં **કોલકાતા** બાદ **મુંબઈ** અને **મદ્રાસ** ખાતે અદાલતની સ્થાપના થઈ હતી. (આ અદાલતોની સ્થાપના **'ભારતીય ઉચ્ચ ન્યાયાલય અધિનિયમ, 1862'** મુજબ કરવામાં આવી હતી.)



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE Questions

1. તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ 2020'માં વિશ્વની શ્રેષ્ઠ 1000 યુનિવર્સિટીઓની યાદીમાં ભારતની કુલ કેટલી શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ થયો છે ?
(A) 15 (B) 20 (C) 23 (D) 26 **(C)**

2. 'QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ 2020'માં વિશ્વની શ્રેષ્ઠ 1000 યુનિવર્સિટીઓની યાદીમાં ભારતની કુલ 23 શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ થયો છે. ભારતની આ 23 સંસ્થાઓમાંથી કઈ સંસ્થા પ્રથમ ક્રમે છે ?
(A) IIT ગાંધીનગર (B) IIT બોમ્બે (C) IIT દિલ્હી (D) IIT બેંગાલુરૂ **(B)**

3. 'QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ 2020'માં વિશ્વની શ્રેષ્ઠ 200 યુનિવર્સિટીમાં ભારતની કુલ ત્રણ શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ થયો છે. આ ત્રણ સંસ્થામાં નીચેનામાંથી કઈ સંસ્થાનો સમાવેશ થતો નથી ?
(A) IIT બોમ્બે (B) IIT દિલ્હી
(C) IIT મેંગલુરૂ (D) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ **(C)**

4. QS વર્લ્ડ યુનિવર્સિટી રેન્કિંગ્સ 2020માં IIT બોમ્બે કયા ક્રમે છે ?
(A) 152 (B) 154 (C) 182 (D) 184 **(A)**

5. 3 જુલાઈ 2019ના રોજ મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતના કુલ કેટલા એરપોર્ટને લીઝ પર આપવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી છે ?
(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) સાત **(A)**

6. 3 જુલાઈ 2019ના રોજ મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં ભારતના કયા ત્રણ એરપોર્ટને લીઝ પર આપવાની મંજૂરી આપવામાં આવી છે ?
(A) અમદાવાદ, લખનૌ, દિલ્હી (B) અમદાવાદ, લખનૌ, બેંગાલુરૂ
(C) અમદાવાદ, લખનૌ, મેંગલુરૂ (D) અમદાવાદ, લખનૌ, ચેન્નાઈ **(C)**

7. અમદાવાદ, લખનૌ અને મેંગલુરૂ એરપોર્ટને કઈ કંપનીને લીઝ પર આપવાના પ્રસ્તાવને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે ?
(A) રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (B) અદાણી એન્ટરપ્રાઈઝીસ લિમિટેડ
(C) પવન હેલિકોપ્ટર્સ લિમિટેડ (D) એર ઈન્ડિયા લિમિટેડ **(B)**

8. અદાણી કંપનીને અમદાવાદ, લખનૌ અને મેંગલુરૂ એરપોર્ટ કેટલા વર્ષ માટે લીઝ પર આપવામાં આવશે ?
(A) 25 (B) 50 (C) 75 (D) 100 **(B)**

9. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે કરેલી જાહેરાત અનુસાર સુપ્રીમ કોર્ટના ચુકાદા હવે અંગ્રેજી ઉપરાંત અન્ય કેટલી સ્થાનિક ભાષામાં ઉપલબ્ધ થશે ?
(A) 6 (B) 8 (C) 12 (D) 14 **(A)**

10. સુપ્રીમ કોર્ટે કરેલી જાહેરાત અનુસાર સુપ્રીમ કોર્ટના ચુકાદા હવે અંગ્રેજી ઉપરાંત અન્ય છ સ્થાનિક ભાષાઓમાં પ્રસિદ્ધ થશે....આ છ સ્થાનિક ભાષાઓમાં નીચેનામાંથી કઈ ભાષાનો સમાવેશ થતો નથી ?
(A) આસામી (B) ઉડિયા (C) તેલુગુ (D) ગુજરાતી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 5 JULY, 2019 FRIDAY

## ➤ ભગવાનશ્રી જગન્નાથની 142મી રથયાત્રા

4 જુલાઈ, 2019ને **અષાઢ સુદ બીજ**ના રોજ ગુજરાતમાં **અમદાવાદ**ના પ્રસિદ્ધ **જગન્નાથ મંદિરે**થી ભગવાન **શ્રી જગન્નાથ**, **ભાઈ શ્રી બલભદ્ર** અને **બહેન સુભદ્રાજી**ની **142મી રથયાત્રા** નીકળી હતી.

- ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** અને નાયબ મુખ્યમંત્રી **શ્રી નીતિનભાઈ પટેલે** **'પહિંદ વિધિ'** (સોનાની સાવરણીથી ભગવાનના રથને સાફ કરવાની વિધિ)કરીને આ રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.
- જેમાં મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ **સતત ત્રીજી વખત** **'પહિંદ વિધિ'** કરીને આ રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

**નોંધ :** અષાઢ સુદ બીજના રોજ અમદાવાદ ખાતે યોજાતી રથયાત્રા **ઓડિશા**ના પૂરી અને **કોલકાતા** ખાતે યોજાતી રથયાત્રા બાદ વિશ્વની **ત્રીજી સૌથી મહત્ત્વની અને સૌથી મોટી** રથયાત્રા છે.

### પૂરીની 9 દિવસીય રથયાત્રા

4 જુલાઈ, 2019ને **અષાઢ સુદ બીજ**ના રોજ **ઓડિશાના પૂરી** ખાતે **ભગવાન શ્રી જગન્નાથની 9 દિવસીય** રથયાત્રાનો પ્રારંભ થયો હતો.

- આ રથયાત્રા પૂરીના પ્રસિદ્ધ **જગન્નાથ મંદિર**થી 3 કિ.મી. દૂર આવેલા **ગુંડિચા મંદિર** સુધી યોજાય છે.
- ત્યારબાદ ભગવાન શ્રી જગન્નાથજી તેમના મોટા ભાઈ શ્રી બલભદ્ર અને નાની બહેન સુભદ્રાજી 9 દિવસ સુધી ગુંડિચા મંદિરમાં રોકાય છે.
- ગુંડિચા મંદિર ભગવાન જગન્નાથજીના માસીનું ઘર હોવાનું મનાય છે. જ્યાં 9 દિવસ રહયા બાદ ભગવાન નિજ મંદિરે પરત ફરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પૂરીની રથયાત્રાની વિશેષતા

(1) **ઓડિશાના પૂરી** ખાતે યોજાતી રથયાત્રા **ભારત અને વિશ્વની સૌથી જૂની રથયાત્રા** છે. તેનું વર્ણન **'બ્રહ્મ પુરાણ'**, **'પદ્મપુરાણ'** અને **'સ્કંદ પુરાણ'** તથા **'કપિલ સંહિતા'**માં પણ જોવા મળે છે.

(2) પૂરી ખાતે યોજાતી આ રથયાત્રા **વિશ્વની સૌથી મોટી રથયાત્રા** છે. આ રથયાત્રામાં **સૌથી વધુ લોકો** ભાગ લે છે.

(3) એવી માન્યતા છે કે, બહેન સુભદ્રાજીની દ્વારકા ભ્રમણની ઈચ્છા પૂરી કરવા માટે ભગવાન શ્રી કૃષ્ણ અને તેમના મોટાભાઈ શ્રી બલરામે અલગ-અલગ રથોમાં બેસીને બહેન સુભદ્રાજીને રથયાત્રા કરાવી હતી. આથી, માતા સુભદ્રાજીની નગર ભ્રમણની સ્મૃતિમાં આ રથયાત્રા પૂરીમાં દર વર્ષે યોજાય છે.

**નોંધ :** (1) ઓડિશા રાજ્યમાં આવેલું **પૂરી** **જગન્નાથ પૂરી**, **પુરુષોત્તમ પૂરી**, **શંખ ક્ષેત્ર** અથવા તો **શ્રીક્ષેત્ર**ના નામથી પણ ઓળખાય છે.

(2) **પૂરી**એ હિન્દુ ધર્મના **મૂળ ચાર ધામ** પૈકીનું **એક ધામ** છે.

### હિન્દુ ધર્મના મૂળ ચાર ધામ

| ક્રમ | ધામ | સ્થળ | રાજ્ય |
|---|---|---|---|
| 1 | શ્રી જગન્નાથ મંદિર | પૂરી | ઓડિશા |
| 2 | શ્રી રામેશ્વરમ્ મંદિર | રામેશ્વરમ્ | તમિલનાડુ |
| 3 | શ્રી દ્વારિકાધીશ મંદિર | દ્વારકા | ગુજરાત |
| 4 | શ્રી બદ્રિનાથ મંદિર | બદ્રિનાથ | ઉત્તરાખંડ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### વિશ્વની સૌથી જૂની રથયાત્રા

| ક્રમ | સ્થળ |
|---|---|
| 1 | પૂરી, ઓડિશા |
| 2 | શ્રીરામપુર, પશ્ચિમ બંગાળ |

**નોંધ :** **પશ્ચિમ બંગાળ**ના **શ્રીરામપુર** નામના શહેરના **'મહેશ'** નામના વિસ્તારમાં યોજાતી રથયાત્રા **વિશ્વની બીજા નંબરની સૌથી જૂની** રથયાત્રા છે.

### વિશ્વની સૌથી મોટી રથયાત્રા

| ક્રમ | સ્થળ |
|---|---|
| 1 | પૂરી, ઓડિશા |
| 2 | કોલકાતા, પશ્ચિમ બંગાળ |
| 3 | અમદાવાદ, ગુજરાત |

**નોંધ :** (1) વિશ્વના આશરે 108 શહેરોમાં રથયાત્રા યોજાય છે.

(2) **બાંગ્લાદેશ**ના **ધર્મરાજ** ખાતે યોજાતી **ધર્મરાજ જગન્નાથ રથયાત્રા** બાંગ્લાદેશની સૌથી વધુ પ્રસિદ્ધ રથયાત્રા છે.

## ➤ 'નૌકાસેવા માટે ભારત અને માલદીવ વચ્ચેની સમજૂતીને મંત્રીમંડળની મંજૂરી

કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા તાજેતરમાં **ભારત અને માલદીવ** વચ્ચે **નૌકાસેવા** શરૂ કરવા માટે થયેલી સમજૂતીને મંજૂરી આપવામાં આવી છે.

- આ સમજૂતી મુજબ ભારતના **કેરળ અને માલદીવ** વચ્ચે સમુદ્ર માર્ગે યાત્રી સેવા અને માલ–સામાન લાવવા લઈ જવા માટે નૌકાસેવા શરૂ કરવામાં આવશે.
- જેમાં **કેરળ**ના **કોચિ** અને **માલદીવ**ના **માલે** તથા **કુલહુધુફુસી (Kulhudhuffushi)** નામના શહેરો વચ્ચે નૌકાસેવા શરૂ કરવામાં આવશે.

### માલદીવ સાથે સ્વાસ્થ્ય સંબંધી સમજૂતીને મંજૂરી

નૌકાસેવા સંબંધી સમજૂતી ઉપરાંત કેન્દ્રીય કેબિનેટ દ્વારા **માલદીવ** સાથે **સ્વાસ્થ્ય** સંબંધી થયેલી સમજૂતીને પણ મંજૂરી આપવામાં આવી છે.

### ભારત અને મોરક્કો વચ્ચે સમજૂતીને મંજૂરી

3 જુલાઈ, 2019ના રોજ કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા **ભારત અને મોરક્કોની ન્યાયપાલિકાઓ** વચ્ચે સહયોગ વધારવા માટે થયેલી સમજૂતીને મંજૂરી આપવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ ભારતના વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર ગુજરાતમાંથી રાજ્યસભામાં ચૂંટાયા



તાજેતરમાં **ગુજરાત**માં **રાજ્યસભા**ની **બે બેઠકો** માટે ચૂંટણીનું આયોજન થયું હતું.

- જેમાં ભારતના **વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર** ભાજપના ઉમેદવાર તરીકે ગુજરાતની રાજ્યસભામાંથી રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા છે.
- **શ્રી એસ. જયશંકર** ઉપરાંત ભાજપના **શ્રી જુગલજી ઠાકોર** પણ આ ચૂંટણીમાં ચૂંટાઈ આવ્યા છે.
- આ ચૂંટણીમાં **ભાજપ**ના બંને ઉમેદવારોને **104-104** મત મળ્યા હતા. જ્યારે વિપક્ષ **કોંગ્રેસ**ના ઉમેદવારોનને **70-70** મત મળ્યા હતા.

### શ્રી એસ. જયશંકર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નવા મંત્રીમંડળમાં **શ્રી એસ. જયશંકર**ને ભારતના **કેબિનેટ કક્ષાના વિદેશ મંત્રી** બનાવવામાં આવ્યા છે.

- શ્રી એસ. જયશંકર વિદેશ મંત્રી બનનાર **ભારતના પ્રથમ વિદેશ સચિવ** હોવાનું કહેવાય છે.
- ભારતમાં **સૌથી વધુ લાંબો સમય વિદેશ સચિવ** તરીકે સેવા આપવાનો રેકોર્ડ પણ તેમના નામે છે.
- શ્રી એસ. જયશંકર **અમેરિકા**, **ચીન** અને **ચેક રિપબ્લિક**માં ભારતના રાજદૂત પણ રહ્યા છે.
- ભારત અમેરિકા ન્યુક્લીયર ડીલમાં તેમની મહત્ત્વની ભૂમિકા હતી.
- શ્રી એસ. જયશંકર **1977**ની બેચના **IFS ઓફિસર** છે.
- **નવી દિલ્હી** ખાતે જન્મેલા શ્રી એસ. જયશંકરનું પૂરું નામ **શ્રી સુબ્રમણ્યમ જયશંકર** છે.

## રાજ્યસભા

ભારતીય બંધારણના **અનુચ્છેદ 80** અંતર્ગત **રાજ્યસભાની રચના** અંગે જોગવાઈ કરવામાં આવી છે.

- આ જોગવાઈ અનુસાર ભારતમાં રાજ્યસભાના સભ્યોની **મહત્તમ સંખ્યા 250** સુધી રાખી શકાય છે.
- જોકે, ભારતમાં હાલ રાજ્યસભાના સભ્યોની સંખ્યા **245** છે.
- આ 245 સભ્યોમાંથી 12 સભ્યોની કલા, સાહિત્ય, વિજ્ઞાન, સમાજસેવા જેવા ક્ષેત્રોમાંથી **રાષ્ટ્રપતિ** દ્વારા નિમણૂક કરવામાં આવે છે.
- આથી, ભારતમાં હાલ **245-12 = 233** સભ્યો રાજ્યસભામાં **ચૂંટાઈને** આવે છે.
- જોકે, આ સંખ્યા વધારીને **મહત્તમ 238** સુધી કરી શકાય છે. (238 + 12 રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક = 250 કુલ મહત્તમ સંખ્યા)

### ભારતમાં રાજ્યસભાની સભ્ય સંખ્યા

| ક્રમ | વિશેષતા | સંખ્યા |
|---|---|---|
| 1 | કુલ મહત્તમ સભ્ય સંખ્યા | 250 |
| 2 | હાલમાં કુલ સભ્ય સંખ્યા | 245 |
| 3 | રાષ્ટ્રપતિ દ્વારા મહત્તમ નિમણૂક | 12 |
| 4 | હાલમાં રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક | 12 |
| 5 | ચૂંટણી દ્વારા મહત્તમ નિમણૂક | 238 |
| 6 | હાલમાં ચૂંટણી દ્વારા નિમણૂક | 233 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### રાજ્યસભાની બેઠકોની વહેંચણી

ભારતમાં કયા રાજ્યમાંથી રાજ્યસભાની કેટલીક બેઠકો હશે એ નક્કી કરવા માટે **'સમાન પ્રતિનિધિત્વના સિદ્ધાંત'**ને નહિ, પરંતુ **વસતીને આધાર** બનાવવામાં આવ્યો છે.

- એટલે કે ભારતમાં **જે તે રાજ્યની વસતીને આધારે** રાજ્યસભાના સભ્યોની સંખ્યા નક્કી કરવામાં આવી છે.
- ભારતમાં હાલ રાજ્યસભામાં સભ્યોની સંખ્યા **1971**ની વસતી ગણતરી આધારિત છે. જેમાં વર્ષ **2026** સુધી કોઈ ફેરફાર થશે નહિ.
- વસતીને આધારે રાજ્યસભામાં સભ્યોની સંખ્યા નીચેની રીતે નક્કી કરવામાં આવી છે :

  (1) દરેક રાજ્યની **પ્રથમ 50 લાખ**ની વસતી સુધી **દર 10 લાખ** વ્યક્તિએ **1 સભ્ય**

  (2) અને પ્રથમ 50 લાખ બાદ **દર 20 લાખ** વ્યક્તિએ **1 સભ્ય**
- ભારતીય બંધારણની **ચોથી અનુસૂચિ**માં ભારતના રાજ્યો તથા કેન્દ્ર શાસિત પ્રદેશોને ફાળવવામાં આવેલી **રાજ્યસભાની બેઠકોની યાદી** આપવામાં આવી છે.
- આ યાદી અનુસાર ભારતમાં રાજ્યસભામાં સૌથી વધુ સંખ્યા **ઉત્તરપ્રદેશ**માં **31** છે.
- જ્યારે **ગુજરાત** ઉપરાંત **મધ્યપ્રદેશ** અને **આંધ્રપ્રદેશ**માં પણ રાજ્યસભાના સભ્યોની સંખ્યા **11-11** છે.
- ભારતમાં રાજ્યસભાના **સૌથી વધુ** સભ્યો ધરાવતા **પ્રથમ ત્રણ** રાજ્યો આ પ્રમાણે છે : (1) **ઉત્તરપ્રદેશ** (31), (2) **મહારાષ્ટ્ર** (19), (3) **તમિલનાડુ** (18).

- ભારતના વિવિધ રાજ્યોમાંથી રાજ્યસભાના સભ્યોની **સૌથી ઓછી** સંખ્યા પૂર્વોત્તરના **'સેવન સિસ્ટર્સ'**, તરીકે ઓળખાતા **સાત રાજ્યો** – અરૂણાચલપ્રદેશ, સિક્કિમ, ત્રિપુરા, મેઘાલય, મણિપુર, મિઝોરમ અને નાગાલેન્ડ ઉપરાંત **ગોવા**માં **1-1** છે.

**ભારતના કેટલાક રાજ્યોમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા**

| ક્રમ | રાજ્ય | સંખ્યા |
|---|---|---|
| 1 | ઉત્તરપ્રદેશ | 31 |
| 2 | મહારાષ્ટ્ર | 19 |
| 3 | તમિલનાડુ | 18 |
| 4 | બિહાર, પશ્ચિમ બંગાળ | 16 |
| 5 | કર્ણાટક | 12 |
| 6 | ગુજરાત, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ | 11 |
| – | અરૂણાચલ પ્રદેશ, સિક્કિમ, ત્રિપુરા, મેઘાલય, મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ, ગોવા | 1 |

**ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા**

ભારતના **સાત કેન્દ્ર શાસિત પ્રદેશો**માંથી ભારતમાં હાલ ફક્ત **બે** કેન્દ્ર શાસિત પ્રદેશો **દિલ્હી અને પુડુચેરી**માં જ રાજ્યસભાની બેઠકો ફાળવવામાં આવી છે.

- **દિલ્હી અને પુડુચેરી** સિવાયના બાકીના પાંચ કેન્દ્ર શાસિત પ્રદેશોમાં હાલ રાજ્યસભાની **એક પણ બેઠક ફાળવવામાં આવી નથી.**
- ભારતમાં **'7મા બંધારણીય સુધારા 1956'** અનુસાર ભારતમાં કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા **સંસદ** દ્વારા નિશ્ચિત કરવામાં આવેલી પદ્ધતિથી નક્કી કરવામાં આવે છે.
- આ અનુસાર ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા આ પ્રમાણે છે :

**ભારતના કેન્દ્ર શાસિત પ્રદેશોમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા**

| ક્રમ | કેન્દ્રશાસિત પ્રદેશ | સંખ્યા |
|---|---|---|
| 1 | દિલ્હી | 3 |
| 2 | પુડુચેરી | 1 |

**રાજ્યસભાના સભ્ય બનવા માટેની યોગ્યતા**

ભારતમાં રાજ્યસભાના સભ્ય બનવા માટે કેટલીક શરતોનું પાલન થવું જરૂરી છે. જેમ કે,

(1) તેઓ **ભારતના નાગરિક** હોવા જોઈએ.

(2) તેમની ઉંમર ઓછામાં ઓછી **30 વર્ષ** હોવી જોઈએ.

(3) તેઓ કોઈ **'લાભના પદ' (Office of Profit)** પર ન હોવા જોઈએ. (જો કોઈ વ્યક્તિ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં મંત્રી પદે હોય તો તેને 'લાભનું પદ' માનવામાં આવતું નથી.)

(4) તેઓ **દેવાળિયા** કે **વિકૃત મગજના** ન હોવા જોઈએ.

(5) આ ઉપરાંત વખતો વખત **સંસદ** દ્વારા જો કોઈ યોગ્યતા નક્કી કરવામાં આવી હોય તો તે તેઓ ધરાવતા હોવા જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજ્યસભાના સભ્યોનો કાર્યકાળ

ભારતીય બંધારણના **અનુચ્છેદ 83** અનુસાર ભારતમાં રાજ્યસભા એ **કાયમી ગૃહ** છે. આથી તેનું વિસર્જન થતું નથી.

- આમ છતાં, ભારતમાં **રાજ્યસભાના સભ્યો**નો કાર્યકાળ **6 વર્ષ**નો હોય છે.
- ભારતમાં રાજ્યસભા કાયમી ગૃહ છે, પરંતુ તેના સભ્યો કાયમી હોતા નથી.
- ભારતમાં **દર 2 વર્ષે** રાજ્યસભાના **1/3 સભ્યો** નિવૃત્ત થાય છે અને એટલા જ સભ્યો નવા ચૂંટાય છે.

## રાજ્યસભાના સભ્યોની ચૂંટણી

ભારતમાં **રાષ્ટ્રપતિ**, **ઉપરાષ્ટ્રપતિ** તથા **રાજ્યસભા** અને **વિધાન પરિષદના સભ્યો**ની ચૂંટણી **'સપ્રમાણ પ્રતિનિધિત્વ (Proporational Representation)'**ના સિદ્ધાંત અનુસાર થાય છે.

- આ અંતર્ગત રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો **'સપ્રમાણ પ્રતિનિધિત્વની પદ્ધતિ'** અનુસાર **'એકલ સંક્રમણીય મત (Single Transferable Vote)**ના આધારે રાજ્યસભાના સભ્યોની પસંદગી કરે છે.

## Open ballot System

ભારતમાં અગાઉ રાજ્યસભાના સભ્યોની ચૂંટણી માટે **ગુપ્ત મતદાન (Secret Ballot)** થતું હતું.

- પરંતુ વર્ષ **2003**માં **'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951'**માં **સુધારો કરીને સંસદે** રાજ્યસભાના સભ્યોની ચૂંટણી માટે **ગુપ્ત મતદાન**ની જગ્યાએ **ખુલ્લા મતદાનની વ્યવસ્થા (Open Ballot System)** સ્વીકારી છે.
- આથી, હાલ ભારતમાં રાજ્યસભાની ચૂંટણીમાં **ગુપ્ત મતદાન** નહિ, પરંતુ **ખુલ્લું મતદાન** થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શું ભારતનો નાગરિક કોઈપણ રાજ્યમાંથી રાજ્યસભાની ચૂંટણી લડી શકે છે ?

ભારતમાં અગાઉ **'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ 1951'** અંતર્ગત એવી જોગવાઈ કરવામાં આવી હતી કે, રાજ્યસભાનો ઉમેદવાર જે રાજ્યમાંથી ચૂંટણી લડતો હોય તે રાજ્યનો નિવાસી હોવો જોઈએ, અને એ રાજ્યની મતદાર યાદીમાં તેનું નામ નોંધાયેલું હોવું જોઈએ.

- પરંતુ વર્ષ **2003**માં **'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951'**માં **સુધારો કરીને સંસદે** સ્થાનિક નિવાસ સંબંધી આ શરત હટાવી દીધી છે.
- આથી, ભારતમાં હવે **એક રાજ્યનો વ્યક્તિ બીજા રાજ્યમાંથી રાજ્યસભાની ચૂંટણી લડી શકે છે.**

**નોંધ :** (1) ભારતમાં રાજ્યસભાના સભ્યની ચૂંટણી લડવા માટે ઓછામાં ઓછા **10 વિધાનસભ્યો** દ્વારા તેમના નામનો પ્રસ્તાવ રજૂ થયેલો હોવો જરૂરી છે.

(2) રાજ્યસભાના સભ્ય હોદ્દાના શપથ **રાજ્યસભાના અધ્યક્ષ** પાસેથી લે છે. પરંતુ ઉપરાષ્ટ્રપતિ પાસેથી નહિ.

## ICE Questions

**1.** 4 જુલાઈ, 2019ના રોજ ગુજરાતના અમદાવાદ ખાતે ભગવાન શ્રી જગન્નાથની કેટલામી રથયાત્રા નીકળી હતી ?
(A) 141મી (B) 142મી (C) 143મી (D) 140મી — **(B)**

**2.** ગુજરાતના અમદાવાદ ખાતે અમદાવાદના પ્રસિદ્ધ જગન્નાથ મંદિરેથી દર વર્ષે કયા દિવસે રથયાત્રા નીકળે છે ?
(A) અખાત્રીજ (B) અષાઢ વદ ત્રીજ (C) અષાઢ વદ બીજ (D) અષાઢ સુદ બીજ — **(D)**

**3.** દર વર્ષે અષાઢ સુદ બીજના રોજ ઓડિશાના પૂરી ખાતે ભગવાન શ્રી જગન્નાથની કેટલા દિવસીય રથયાત્રા નીકળે છે ?
(A) એક (B) પાંચ (C) સાત (D) નવ — **(D)**

**4.** વિશ્વની સૌથી મોટી રથયાત્રાના સંદર્ભમાં નીચેના સ્થળોનો સાચો ક્રમ ગોઠવો.
(1) અમદાવાદ (2) પૂરી (3) કોલકાતા
Ans. : (A) 1, 2, 3 (B) 2, 1, 3 (C) 3, 2, 1 (D) 2, 3, 1 — **(D)**

**5.** નીચેના વિધાનો ચકાસો અને તેમાંથી સાચું વિધાન પસંદ કરો.
(A) પૂરી ખાતે યોજાતી ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા વિશ્વની સૌથી મોટી અને સૌથી જૂની રથયાત્રા છે.
(B) પશ્ચિમ બંગાળના શ્રીરામપુર નામના શહેરના મહેશ નામના વિસ્તારમાં યોજાતી રથયાત્રા વિશ્વની બીજા નંબરની સૌથી જૂની રથયાત્રા છે.
(C) A અને B બંને વિધાનો ખોટા છે. (D) A અને B બંને વિધાનો સાચા છે. — **(D)**

**6.** હિન્દુ ધર્મના મૂળ ચાર ધામમાં નીચેનામાંથી કયા સ્થળનો સમાવેશ થતો નથી ?
(A) દ્વારકા (B) બદ્રીનાથ (C) રામેશ્વરમ્ (D) હરિદ્વાર — **(D)**

**7.** તાજેતરમાં ભારતે કયા દેશ સાથે નૌકાસેવા શરૂ કરવા માટે સમજૂતી કરી છે ?
(A) મોરક્કો (B) ઑસ્ટ્રેલિયા (C) માલદીવ (D) સિંગાપોર — **(C)**

**8.** ભારત અને માલદીવ વચ્ચે તાજેતરમાં થયેલી સમજૂતી અનુસાર ભારત અને માલદીવના કયા શહેરો વચ્ચે નૌકાસેવા શરૂ કરવામાં આવશે ?
(A) વિશાખાપટ્ટનમ અને માલે તથા ફુલહુધુફુસી
(B) તિરુવનંતપુરમ અને માલે તથા ફુલહુધુફુસી
(C) કોચિ અને માલે તથા ફુલહુધુફુસી
(D) ચેન્નાઈ અને માલે તથા ફુલહુધુફુસી — **(C)**

**9.** તાજેતરમાં ભારત અને કયા દેશની ન્યાયપાલિકાઓ વચ્ચે સહયોગ વધારવા માટે સમજૂતી થઈ છે ?
(A) માલદીવ (B) નેપાળ (C) ભૂટાન (D) મોરક્કો — **(D)**

**10.** ભારતના વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર તાજેતરમાં કયા દેશમાંથી રાજ્યસભાના સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા છે ?
(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) બિહાર (D) ઉત્તરાખંડ — **(A)**

**11.** ભારતમાં નીચેનામાંથી કયા રાજ્યમાં રાજ્યસભાના સભ્યોની સંખ્યા 11 નથી ?
(A) ગુજરાત (B) કર્ણાટક (C) આંધ્રપ્રદેશ (D) મધ્યપ્રદેશ — **(B)**

**12.** ભારતમાં રાજ્યસભાના સભ્યોની ચૂંટણીમાં હાલ નીચેનામાંથી કયા સિદ્ધાંતનો ઉપયોગ થતો નથી ?
(A) સપ્રમાણ પ્રતિનિધિત્વ (B) એકલ સંક્રમણીય મત
(C) ગુપ્ત મતદાન (D) ખુલ્લું મતદાન — **(C)**

**13.** ભારતમાં 'લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951'માં કયા વર્ષે થયેલા સુધારા અનુસાર હવે ભારતના કોઈ એક રાજ્યનો નાગરિક બીજા રાજ્યમાંથી પણ રાજ્યસભાનો સભ્ય બની શકે છે ?
(A) 2001 (B) 2002 (C) 2003 (D) 2004 — **(C)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**6 JULY, 2019 SATURDAY**

## ➢ Economic Survey 2018-19




તાજેતરમાં 5 જુલાઈ 2019ના રોજ ભારત સરકારનું વર્ષ 2019-20નું સામાન્ય બજેટ રજૂ થયું તેના આગલા દિવસે એટલે કે 4 જુલાઈ 2019ના રોજ ભારતના નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને સંસદમાં આર્થિક સર્વેક્ષણ (Economic Survey) 2018-19 રજૂ કર્યું હતું.

### આર્થિક સર્વેક્ષણ શું છે ?

આર્થિક સર્વેક્ષણ એ એક પ્રકારનો દસ્તાવેજ છે.

- સામાન્ય રીતે કેન્દ્રીય નાણા મંત્રી લોકસભામાં જે દિવસે અંદાજપત્ર અથવા તો બજેટ રજૂ કરે તેના એક–બે કે ચાર દિવસ અગાઉ આ દસ્તાવેજ સંસદમાં રજૂ કરે છે.
- જેમાં ચાલુ નાણાકીય વર્ષની અર્થતંત્રની કામગીરીની સમીક્ષા રજૂ કરવામાં આવે છે.
- આ ઉપરાંત તેમાં આગામી નાણાકીય વર્ષ દરમિયાન અર્થતંત્રની કેવી તકો છે તેની આગાહી પણ કરવામાં આવે છે.
- આર્થિક સર્વેક્ષણમાં રજૂ થયેલા વિશ્લેષણને આધારે બજેટમાં નાણાકીય ફાળવણી કેવી રીતે કરવી તેનો તથા આગામી વર્ષમાં સંસાધનો કેવી રીતે એકત્ર કરવા તેનો નિર્દેશ મળે છે.

### આર્થિક સર્વેમાં શેના વિશે માહિતી પ્રાપ્ત થાય છે ?

આર્થિક સર્વેક્ષણમાંથી નીચેના વિષયો વિશે માહિતી પ્રાપ્ત થાય છે :

(1) રાજકોષીય નીતિ
(2) લેણદેણની તુલા
(3) વિદેશ વ્યાપાર
(4) ભાવો અને નાણાકીય સંચાલન
(5) ખેતી અને અન્ન સંચાલન
(6) સેવા તથા ઉદ્યોગ ક્ષેત્રની કામગીરી અને વિકાસ
(7) માનવ વિકાસ : શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણની સ્થિતિ
(8) ઊર્જા, માળખાગત સવલતો અને સંચાર વ્યવસ્થાનો વિકાસ

### આર્થિક સર્વે 2018-19

આર્થિક સર્વે 2018-19માં રજૂ થયેલી કેટલીક મુખ્ય બાબતો આ પ્રમાણે છે :

### બેન્કિંગ સેક્ટર

ભારતમાં NPA (Non Performing Assets) રેશિયોમાં ઘટાડો તથા બેન્ક લોનમાં વૃદ્ધિને કારણે બેન્કિંગ સિસ્ટમના કાર્ય પ્રદર્શનમાં સુધારો થયો છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- દેવાળું તથા દેવાળિયાપણા અંગે ગોઠવવામાં આવેલી વ્યવસ્થાને કારણે ફસાઈ ગયેલી લોનની વસૂલાત અને તેના સમાધાનમાં વૃદ્ધિ થઈ છે.
- આથી, બેન્કિંગ સિસ્ટમની કામગીરીમાં સુધારો થયો છે.
- ભારતમાં Insolvency and Bankruptcy Code (IBC), 2016 (નાદારી અને નાદારી સંહિતા, 2016) પસાર થયો હોવાથી લોન વ્યવસ્થા મજબૂત બની છે.
- અને 1,73,000 કરોડથી વધુ રૂપિયાના દાવાઓનો નિકાલ થયો છે.

## ખેતી-સિંચાઈ

ભારતની પ્રાથમિકતા હવે જમીનની ઉત્પાદકતાથી સિંચાઈના પાણીની ઉત્પાદકતા તરફ હોવી જોઈએ.

- ખેડૂતોને આ માટે સંવેદનશીલ બનાવીને ભારતમાં પાણીના ઉપયોગમાં સુધારણા એ હવે રાષ્ટ્રીય પ્રાથમિકતા હોવી જોઈએ.
- એશિયાઇ વોટર ડેવલપમેન્ટ આઉટલૂક 2016 અનુસાર ભારતમાં સિંચાઈ માટે લગભગ 89 ટકા ઉપયોગ ભૂજળનો થાય છે.
- પરિણામે, ભારતમાં ભૂજળનું સ્તર સતત નીચે જઈ રહ્યું છે, જે ચિંતાનો વિષય છે.

## સ્વચ્છ ભારત મિશન

સ્વચ્છ ભારત મિશન શરૂ થયા બાદ ભારતમાં અત્યાર સુધીમાં 9.5 કરોડથી વધુ શૌચાલયોનું નિર્માણ થયું છે.

- ભારતના 5.5 લાખ ગામો ખુલ્લામાં શૌચથી મુક્ત જાહેર થયા છે.
- સ્વચ્છ ભારત મિશનને કારણે ભારતના 93.1 ટકા પરિવારોને શૌચાલયની સુવિધા ઉપલબ્ધ થઈ છે.
- ભારતના 30 રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વ્યક્તિગત ઘરેલુ શૌચાલયનું કવરેજ 100 ટકા થયું છે.
- ખુલ્લામાં હાજતથી મુક્તિને કારણે ભારતમાં ડાયરિયા (અતિસાર/ઝાડા/મરડો) અને મેલેરિયાના કારણે તથા મૃત્યુમાં ઘટાડો થયો છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સામાજિક ક્ષેત્ર અને ગરીબી

આર્થિક સર્વેમાં જણાવ્યા અનુસાર, ભારતમાં સામાજિક ક્ષેત્રો અને ગરીબીની સ્થિતિમાં સુધારણા માટે ડેટા તૈયાર કરવો જોઇએ.

- અને સમાજના કલ્યાણ માટે તેને જાહેર કરવો જોઈએ.
- 'લોકોનો ડેટા (લોકોની માહિતી), લોકો દ્વારા અને લોકો માટે' સરકારનો મંત્ર હોવો જોઈએ.

## ભારતીય રેલવે

આર્થિક સર્વે 2018-19 અનુસાર ભારતીય રેલવેમાં વર્ષ 2018-19 દરમિયાન રેલવે દુર્ઘટના શૂન્ય થઇ ગઇ છે.

- વર્ષ 2018-19 દરમિયાન રેલવેના માલ પરિવહનની આવકમાં 5.33 ટકાનો વધારો થયો છે.
- વર્ષ 2021 સુધીમાં 38,000 કિમી રેલલાઈનનું વીજકરણ કરવામાં આવશે. જેનાથી બ્રોડગેજનું 100 ટકા વિદ્યુતીકરણનું લક્ષ્ય પ્રાપ્ત થશે.

## લઘુત્તમ વેતન પદ્ધતિ

ભારતના સમગ્ર વિકાસ માટે આર્થિક સર્વેમાં લઘુત્તમ વેતન પદ્ધતિનું એક નવું અસરકારક સ્વરૂપ તૈયાર કરવાનું સૂચન કરવામાં આવ્યું છે.

- તેમજ ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ રાજ્ય સરકારો સુધી પહોંચ વધારવા માટે 'રાષ્ટ્રીય સ્તરનું એક ડેશબોર્ડ' સ્થાપવાનું સૂચન કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત કાયદેસર રીતે નક્કી કરેલું લઘુત્તમ વેતન ન ચૂકવવાની સ્થિતિમાં ફરિયાદ માટે એક ટોલ ફ્રી નંબર શરૂ કરવાની પણ ભલામણ કરવામાં આવી છે.

## ઊર્જા-LPG

ઊર્જા સક્ષમતા કાર્યક્રમોને કારણે ભારતમાં રૂ. 50,000 કરોડ રૂપિયાથી વધુ ખર્ચની બચત થઈ છે.

- અને વર્ષ 2017-18માં આશરે 108.28 મિલિયન ટન કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થયો છે.
- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના અંતર્ગત ભારતના 7 કરોડથી વધુ ઘરોમાં LPGની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે
- ભારતના 21.44 કરોડ ઘરોમાં વીજળી પહોંચાડીને 100 ટકા વીજળીકરણનું લક્ષ્ય પ્રાપ્ત કરવામાં આવ્યું છે.
- હવે સરકારની પ્રાથમિકતા સ્વચ્છ ઊર્જા સ્ત્રોતોના સતત ઉપયોગને સુનિશ્ચિત કરવાની રહેશે.

## વિશ્વ અર્થતંત્રમાં મંદી છતાં વિશ્વમાં ઝડપથી વધતા અર્થતંત્રમાં ભારતનું સ્થાન

તાજેતરમાં અમેરિકા–ચીન વચ્ચે ટ્રેડ વોર, ચીનની કઠોર વ્યૂહરચનાઓ, વિશ્વની મોટી અગ્રણી અર્થવ્યવસ્થાઓ દ્વારા મૌદ્રિક નીતિઓનું સામાન્યીકરણ અને નાણાકીય કઠોરતા જેવા પરિબળોને કારણે વૈશ્વિક અર્થતંત્ર તેમજ ઉભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રમાં વર્ષ 2018માં મંદી આવી છે.

- વૈશ્વિક ઉત્પાદનમાં વર્ષ 2017ની તુલનાએ વર્ષ 2018માં ઘટાડો થયો છે. વર્ષ 2017માં વૈશ્વિક ઉત્પાદનનો વૃદ્ધિ દર 3.8 ટકા હતો. જે વર્ષ 2018માં ઘટીને 3.6 ટકા થઈ ગયો છે.
- આ ઉપરાંત WTOના રિપોર્ટ અનુસાર વિશ્વ વ્યાપારનો વિકાસ વર્ષ 2017ના 4.6 ટકાની તુલનાએ વર્ષ 2018માં ઘટીને 3 ટકા થઈ ગયો છે.
- આમ, સમગ્ર વિશ્વમાં મંદીનો માહોલ હોવા છતાં પણ નાણાકીય વર્ષ 2018-19માં ભારતે વિશ્વમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતા મુખ્ય અર્થતંત્રોમાં તેનું સ્થાન જાળવી રાખ્યું છે.
- વર્ષ 2017-18માં ભારતમાં 7.2 ટકા જેટલો ઉંચો GDP વૃદ્ધિ દર જોવા મળ્યો હતો. અને ત્યારબાદ વિપરિત સંજોગોમાં પણ વર્ષ 2018-19 દરમિયાન મામુલી ઘટાડા સાથે ભારતમાં 6.8 ટકા GDP વૃદ્ધિ દર જોવા મળ્યો છે.
- વર્ષ 2018-19 દરમિયાન જોવા મળેલા આ ઘટાડાનું કારણ કૃષિ અને તેની સાથે સંકળાયેલા ક્ષેત્રો, વ્યાપાર, હોટલ, પરિવહન, સંચાર, પ્રસારણ સંબંધિત સેવાઓ અને સંરક્ષણ ક્ષેત્રોમાં નીચો વિકાસ દર હતું.
- આ ઉપરાંત 2018-19 દરમિયાન GDP વૃદ્ધિ દરમાં ઘટાડાનું અન્ય કારણ સરકાર દ્વારા ખર્ચમાં ઘટાડો તથા સ્ટોકમાં ફેરફાર વગેરે પણ છે.
- આમ છતાં, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન (2014-15 બાદ) ભારતનો સરેરાશ વાસ્તવિક GDP વૃદ્ધિ દર 7.5 ટકા જેટલો ઉંચો રહ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પ્રત્યક્ષ વિદેશી રોકાણ

ભારતમાં વર્ષ 2018-19 દરમિયાન પ્રત્યક્ષ વિદેશી રોકાણ (Foreign Direct Investment-FDI)ની આવકમાં 14.2 ટકાનો વધારો થયો છે.

- ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ આકર્ષિત કરવાવાળા ટોચના ક્ષેત્રોમાં સેવા, ઓટોમોબાઈલ અને કેમિકલ મુખ્ય છે.
- ભારતમાં વર્ષ 2015-16થી પ્રત્યક્ષ વિદેશી રોકાણની આવક ઉચ્ચ દરથી વધી છે.
- આ વૃદ્ધિ ભારતીય અર્થતંત્રમાં વિદેશી રોકાણકારોના વિશ્વાસમાં સુધારો દર્શાવે છે.

## મહિલા-સમાજ

- છેલ્લા પાંચ વર્ષમાં ભારતમાં સામાજિક સેવાઓ પર ખર્ચમાં GDPના 1 ટકાથી વધુનો વધારો થયો છે.
- વર્ષ 2005-06માં ભારતમાં બેન્કિંગ સુવિધા પ્રાપ્ત મહિલાઓની સંખ્યા 15.5 ટકા હતી જે વર્ષ 2015-16માં વધીને 53 ટકા જેટલી થઈ ગઈ છે.

## નવીનીકરણીય ઊર્જા

વિશ્વ સ્તરે ભારત પવન ઊર્જા ક્ષેત્રે ચોથા, સૌર ઊર્જા ક્ષેત્રે પાંચમા અને નવીનીકરણીય ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતાની દૃષ્ટિએ પાંચમા ક્રમે છે.

- ભારતના કુલ વીજ ઉત્પાદનમાં નવીનીકરણીય ઊર્જાનો હિસ્સો વર્ષ 2014-15માં 6 ટકા હતો. જે વર્ષ 2018-19માં વધીને 10 ટકા થઈ ગયો છે.

## વીજળીથી ચાલતા વાહનો

ભારતમાં ઈલેક્ટ્રીક વાહનોના વેચાણમાં વૃદ્ધિ થાય તે માટે આ સર્વેમાં ઈલેક્ટ્રીક વાહનોની કુલ લાઈફટાઈમ ઓનરશિપ કોસ્ટ ઘટાડવા માટે યોગ્ય નીતિગત પ્રયાસો કરવાનું સૂચન કરવામાં આવ્યું છે.

- આ ઉપરાંત ભારતમાં ઈલેક્ટ્રીક વાહનોનો બજાર હિસ્સો વધારવા માટે ઝડપી ચાર્જિંગ સુવિધાઓની આવશ્યકતા છે.

## 2040માં ભારતની વસતીનું સ્વરૂપ

- આવતા બે દાયકામાં ભારતમાં વસતી વૃદ્ધિ દરમાં ઝડપથી ઘટાડો થવાની સંભાવના છે. જેનાથી ભારતના મોટા ભાગના વિસ્તારોમાં લાભ થશે. જોકે, 2030 સુધીમાં ભારતના કેટલાક રાજ્યોમાં વૃદ્ધોની સંખ્યા વધારે હશે.
- 2021-31 દરમિયાન ભારતમાં કામ કરવાની ઉંમર ધરાવતી વસતીમાં અંદાજે 9.7 મિલિયન પ્રતિ વર્ષ તથા 2031-41 દરમિયાન તેમાં 4.2 મિલિયન પ્રતિ વર્ષ વૃદ્ધિ થશે.
- આવતા બે દાયકામાં ભારતમાં પ્રાથમિક સ્કૂલે જતા બાળકો (5 થી 14 વર્ષની ઉંમરના)ની સંખ્યામાં ઘટાડો થશે.
- ભારતમાં 2021-41 દરમિયાન સ્કૂલે જતા બાળકોની સંખ્યામાં 18.4 ટકાનો ઘટાડો થશે.
- આથી, રાજ્યોએ હવે નવી સ્કૂલોના નિર્માણની જગ્યાએ સ્કૂલોના એકીકરણ તથા વિલય પર ધ્યાન આપવું પડશે.
- હાલના સમયમાં ભારતના તમામ મુખ્ય રાજ્યોમાં વસતી વૃદ્ધિ દરમાં ઘટાડો થયો છે. તેમ છતાં બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણામાં હજી પણ વસતી વૃદ્ધિ દર ઉંચા સ્તરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતમાં હાલ કુલ ગર્ભધારણ દરમાં ઘટાડો થયો છે. વર્ષ 2021 સુધીમાં રાષ્ટ્રીય કુલ ગર્ભધારણ દર, પ્રતિસ્થાપન દરથી ઓછો રહેવાની સંભાવના છે.
- ભારતની વસતીમાં 0-19 વર્ષની ઉંમર ધરાવતા યુવાનોની સંખ્યા 2011ના સર્વોચ્ચ સ્તર 41 ટકાથી ઘટીને 2041માં 25 ટકા થઈ જશે.
- જ્યારે બીજી તરફ 60 વર્ષની ઉંમર ધરાવતા લોકોની સંખ્યા 2011ના 8.6 ટકાથી વધીને વર્ષ 2014 સુધીમાં 16 ટકા થઈ જશે.

## ભારતીય અર્થતંત્ર

વર્ષ 2018-19 દરમિયાન ભારતીય અર્થતંત્રમાં 6.8 ટકાની વૃદ્ધિનો અંદાજ છે.

- નાણાકીય વર્ષ 2020-21 સુધી રાજકોષીય ખાધ (Fiscal deficit) GDPના 3 ટકા સુધી લાવવાનો લક્ષ્યાંક છે.
- અને વર્ષ 2024-25 સુધીમાં કેન્દ્ર સરકારનું ઋણ (દેવું) GDPના 40 ટકા સુધી લાવવાનું લક્ષ્ય છે.
- જોકે, નાણાકીય વર્ષ 2018-19માં રાજકોષીય ખાધ GDPના 3.4 ટકા રહી છે. અને કેન્દ્ર સરકારના ઋણ અને GDPનો રેશિયો 44.5 ટકા (કામચલાઉ) હતો.
- ખર્ચની ગુણવત્તા સુધારવી એ ભારતીય અર્થતંત્રની મુખ્ય પ્રાથમિકતા રહેશે.
- આ ઉપરાંત પ્રત્યક્ષ કર (Direct Tax)ના આધારને વ્યાપક બનાવવો અને GSTને સ્થાયી બનાવવોએ અન્ય પ્રાથમિકતા રહેશે.
- વર્ષ 2014-15થી 2018-19 દરમિયાન રાજ્યોને ફાળવવામાં આવતા કુલ નાણામાં સુધારેલા અંદાજ અનુસાર GDPના 1.2 ટકાનો વધારો થયો છે.

રોકાણ અને વપરાશમાં વૃદ્ધિને કારણે નાણાકીય વર્ષ 2019-20માં ભારતના GDP વૃદ્ધિ દરમાં 7 ટકાના વધારાનો અંદાજ છે.

- નાણાકીય વર્ષ 2000-01 દરમિયાન ભારતના સેવા ક્ષેત્રની નિકાસ 0.746 લાખ કરોડ હતી. જે વર્ષ 2018-19માં વધીને 14.389 લાખ કરોડ થઈ ગઈ છે.
- જેને કારણે ભારતની કુલ નિકાસમાં સેવા ક્ષેત્રનો હિસ્સો 26.8 ટકાથી વધીને 38.4 ટકા જેટલો થઈ ગયો છે.
- ભારતીય અર્થવ્યવસ્થાના તમામ ક્ષેત્રોમાંથી સેવા ક્ષેત્ર સૌથી વધુ ગતિશીલ રહ્યું છે. અને ભારતના આર્થિક વિકાસમાં સેવા ક્ષેત્રની મુખ્ય ભૂમિકા છે.
- 14 જૂન 2019ના રોજ ભારતનું વિદેશી મુદ્રા ભંડાર 422.2 અબજ ડોલર થયું છે.
- સેવા, ઓટોમોબાઈલ અને કેમિકલમાં વર્ષ 2015-16થી સીધા વિદેશી રોકાણના પ્રવાહમાં વધારો થયો છે.
- MSME ક્ષેત્રે ફાળવવામાં આવેલી લોનને કારણે MSME ઉદ્યોગોનો વધારો થયો છે.
- મેન્યુફેક્ચર (ઉત્પાદન) અને કન્સ્ટ્રકશન (નિર્માણ-બાંધકામ) ક્ષેત્રના સારા પ્રદર્શનને કારણે વર્ષ 2018-19માં ભારતમાં ઔદ્યોગિક વિકાસમાં વધારો થયો છે.
- વર્ષ 2018-19માં સેવા ક્ષેત્રની નિકાસ અને આયાતમાં ઘટાડો જોવા મળ્યો છે.
- વર્ષ 2018-19માં સેવા ક્ષેત્રની નિકાસ અને આયાત ક્રમશઃ 5.5 ટકા અને 6.5 ટકા રહી છે. જે વર્ષ 2017-18 દરમિયાન ક્રમશઃ 18.8 અને 22.6 ટકા હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- વર્ષ 2018-19માં અમેરિકન ડોલર, યેન, યૂરો વગેરે જેવા મુખ્ય વિદેશી ચલણોની તુલનાએ ભારતીય ચલણ <u>રૂપિયાનું 6.8થી 7.8 ટકા સુધી અવમૂલ્યન</u> થયું છે.
- વર્ષ <u>2017-18</u> દરમિયાન ભારતીય રૂપિયાનું મૂલ્ય પ્રતિ ડોલર <u>65-68</u> રૂપિયા હતું. પરંતુ અવમૂલ્યનને કારણે વર્ષ <u>2018-19</u>માં તે પ્રતિ ડોલર <u>70-74</u> રૂપિયા હતું.

## વર્ષ 2024-25માં ભારતીય અર્થતંત્ર

આર્થિક સર્વેમાં વર્ષ <u>2024-25</u> સુધીમાં ભારતીય અર્થતંત્ર <u>5 ટ્રિલિયન અમેરિકન ડોલર</u> સુધી લઈ જવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના લક્ષ્યાંકને અચિવ કરવા માટે આ સર્વેની વિષય વસ્તુ <u>'એક ઉત્કૃષ્ટ તબક્કામાં પ્રવેશની અલગ શરૂઆત'</u> રાખવામાં આવી હતી.

- જેમાં કહેવામાં આવ્યું છે કે વર્ષ 2024-25 સુધીમાં ભારતીય અર્થતંત્રને 5 ટ્રિલિયન અમેરિકી ડોલર સુધી લઈ જવા માટે ભારતે તેનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર <u>8 ટકા</u> સુધી જાળવી રાખવાની જરૂર છે.
- ભારતનો ઉત્કૃષ્ટ તબક્કો <u>બચત, રોકાણ અને નિકાસ</u>નો હશે. જે જનસંખ્યા સંબંધી યોજનાને અનુકૂળ હશે.
- આ ઉપરાંત વર્ષ <u>2032</u> સુધીમાં ભારતને <u>10 ટ્રિલિયન અમેરિકી ડોલર</u>ની અર્થવ્યવસ્થા બનાવવા માટે ભારતે <u>મજબૂત માળખાગત સુવિધા</u> વિકસાવવાની જરૂર છે. એવું આ સર્વેમાં કહેવામાં આવ્યું છે.

નોંધ : (1) વર્ષ 2018-19નો આર્થિક સર્વે <u>આસમાની રંગ</u>ના કવર પેઈજમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. જે નીલા આકાશ જેવા સુશોભિત અને વિશાળ અર્થતંત્રના મોડલનું પ્રતીક છે.
(2) ભારતના મુખ્ય આર્થિક સલાહકાર <u>શ્રી કે. સુબ્રમણ્યમ</u> દ્વારા આ ઈકોનોમિક સર્વે તૈયાર કરવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. 4 જુલાઈ, 2019ના રોજ શ્રીમતી નિર્મલા સીતારામને સંસદમાં રજૂ કરેલા 'ઈકોનોમિક સર્વે 2018-19'નું કવર પેઈજ કયા રંગનું હતું ?
(A) ગુલાબી (B) કેસરી (C) આસમાની (D) પીળા — (C)

2. આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર વર્ષ 2019-20 દરમિયાન ભારતના GDPનો વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ?
(A) 6.8 (B) 7.0 (C) 7.2 (D) 7.4 — (B)

3. આર્થિક સર્વેક્ષણ 2018-19માં ભારતમાં શેની સ્થિતિમાં સુધારો કરવા માટે ડેટા તૈયાર કરવાની ભલામણ કરવામાં આવી છે ?
(A) સામાજિક ક્ષેત્રો અને ગરીબીની સ્થિતિમાં સુધારો કરવા માટે
(B) ભારતમાં સ્ત્રીઓનું શોષણ ઘટાડવા માટે
(C) ભારતમાં ન્યાયિક પ્રક્રિયામાં ઝડપ લાવવા માટે
(D) ભારતમાં પોલીસની કામગીરીમાં સુધારણા માટે — (A)

4. આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. વર્ષ 2018-19 દરમિયાન ભારતમાં રેલવે દૂર્ઘટના શૂન્ય થઈ ગઈ છે.
2. વર્ષ 2021 સુધીમાં બ્રોડગ્રેજનું 100 ટકા વીજકરણનું લક્ષ્ય પ્રાપ્ત થશે.
Ans. : (A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ **(A)**

5. આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર નીચેનામાંથી કઈ બાબત ભારતીય અર્થતંત્રની મુખ્ય પ્રાથમિકતા હશે ?
(A) ખર્ચની ગુણવત્તા સુધારવી (B) પ્રત્યક્ષ કરના આધારને વ્યાપક બનાવવો
(C) GSTને સ્થાયી બનાવવો (D) રૂપિયાનું અવમૂલ્યન રોકવું **(A)**

6. આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર ભારતીય અર્થતંત્રની મુખ્ય તથા અન્ય પ્રાથમિકતામાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?
(A) ખર્ચની ગુણવત્તા સુધારવી (B) પ્રત્યક્ષ કરના આધારને વ્યાપક બનાવવો
(C) GSTને સ્થાયી બનાવવો (D) રૂપિયાનું અવમૂલ્યન રોકવું **(D)**

7. આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. વર્ષ 2018-19 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર 6.8 ટકા છે.
2. વર્ષ 2018-19 દરમિયાન ભારતની રાજકોષીય ખાદ્ય GDPના 3.4 ટકા છે.
3. વર્ષ 2018-19 દરમિયાન કેન્દ્ર સરકારના ઋણ અને GDPનો રેશિયો 44.5 ટકા હતો.
Ans. : (A) 1, 2, 3 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2 **(A)**

8. આર્થિક સર્વેક્ષણ 2018-19માં ભારતના સમગ્ર વિકાસ માટે કરવામાં આવેલી ભલામણમાં નીચેનામાંથી શેનો સમાવેશ થાય છે ?
(A) લઘુત્તમ વેતન પદ્ધતિનું એક નવું અસરકારક સ્વરૂપ તૈયાર કરવું.
(B) ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય હેઠળ 'રાષ્ટ્રીય સ્તરનું એક ડેશબોર્ડ' સ્થાપવું.
(C) કાયદેસર રીતે નક્કી કરેલું લઘુત્તમ વેતન ન ચૂકવવાની સ્થિતિમાં ફરિયાદ માટે એક ટોલ ફ્રી નંબર શરૂ કરવો.
(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

9. 14 જૂન 2019ના રોજ ભારતનું વિદેશી મુદ્રા ભંડાર કેટલા અબજ ડોલર હતું ?
(A) 222.2 (B) 322.2 (C) 422.2 (D) 522.2 **(C)**

10. આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?
(A) રોકાણ અને વપરાશમાં વૃદ્ધિને કારણે વર્ષ 2019-20 દરમિયાન ભારતના GDPમાં 7 ટકા વૃદ્ધિ થવાનો અંદાજ છે.
(B) મેન્યુફેકચર અને કન્સ્ટ્રકશન ક્ષેત્રના સારા પ્રદર્શનને કારણે ભારતમાં વર્ષ 2018-19માં ઔદ્યોગિક વિકાસમાં વધારો થયો છે.
(C) MSME ક્ષેત્રે ફાળવવામાં આવેલી લોનને કારણે વર્ષ 2018-19માં MSME ઉદ્યોગોનો વધારો થયો છે.
(D) વર્ષ 2018-19માં ભારતમાં સેવા ક્ષેત્રની નિકાસ અને આયાતમાં વધારો થયો છે. **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**11.** આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) ભારતમાં વર્ષ 2015-16થી પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)ની આવક ઉચ્ચ દરથી વધી છે.

(B) ભારતમાં વર્ષ 2018-19 દરમિયાન પ્રત્યક્ષ વિદેશી રોકાણની આવકમાં 14.2 ટકાનો વધારો થયો છે.

(C) ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ આકર્ષિત કરવાવાળા ટોચના ક્ષેત્રોમાં સેવા, ઓટોમોબાઈલ અને કેમિકલ મુખ્ય છે.

(D) વર્ષ 2024-25 સુધીમાં ભારતીય અર્થતંત્ર 6 ટ્રિલિયન અમેરિકી ડોલર સુધી લઈ જવાનું સરકારનું લક્ષ્ય છે. **(D)**

**12.** આર્થિક સર્વેક્ષણ 2018-19માં કરવામાં આવેલી ભલામણના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. વર્ષ 2024-25 સુધીમાં ભારતીય અર્થતંત્રને 5 ટ્રિલિયન અમેરિકન ડોલર સુધી લઈ જવા માટે ભારતે તેનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર 8 ટકા સુધી જાળવી રાખવાની જરૂર છે.
2. વર્ષ 2032 સુધીમાં ભારતને 10 ટ્રિલિયન અમેરિકી ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા માટે ભારતે મજબૂત માળખાગત સુવિધા વિકસાવવાની જરૂર છે.

Ans. : (A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ **(B)**

**13.** ભારતના કુલ વીજ ઉત્પાદનમાં નવીનીકરણીય ઊર્જાનો હિસ્સો વર્ષ 2014-15માં 6 ટકા હતો. જે વધીને વર્ષ 2018-19માં કેટલા ટકા થઈ ગયો છે ?

(A) 8 (B) 10 (C) 12 (D) 16 **(B)**

**14.** ભારતમાં વીજળીથી ચાલતા વાહનોની સંખ્યા વધારવા માટે આર્થિક સર્વેક્ષણ 2018-19માં કરવામાં આવેલી ભલામણના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. ઈલેક્ટ્રીક વાહનોની કુલ લાઈફટાઈમ ઓનરશિપ કોસ્ટ ઘટાડવી.
2. ઈલેક્ટ્રીક વાહનોની ઝડપી ચાર્જિંગ સુવિધાઓ વિકસાવવી.

Ans. : (A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ **(A)**

**15.** આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?

(A) આવતા બે દાયકામાં ભારતમાં વસતી વૃદ્ધિ દરમાં ઝડપથી ઘટાડો થશે.

(B) વર્ષ 2030 સુધીમાં અથવા તો વર્ષ 2030 બાદથી ભારતના કેટલાક રાજ્યોમાં વૃદ્ધોની સંખ્યા વધારે હશે.

(C) 2021-31 દરમિયાન ભારતમાં કામ કરવાની ઉંમર ધરાવતી વસતીમાં અંદાજે 4.2 મિલિયન પ્રતિ વર્ષ તથા 2031-41 દરમિયાન 9.7 મિલિયન પ્રતિ વર્ષ વૃદ્ધિ થશે.

(D) ભારતમાં 2021-41 દરમિયાન સ્કૂલે જતા બાળકોની સંખ્યામાં 18.4 ટકાનો ઘટાડો થશે. **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**16.** **આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?**

1. ભારતમાં હાલ કુલ ગર્ભધારણ દરમાં ઘટાડો થયો છે.
2. હાલના સમયમાં ભારતના તમામ મુખ્ય રાજ્યોમાં વસતી વૃદ્ધિ દરમાં ઘટાડો થયો છે.
3. ભારતમાં બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણામાં હજી પણ વસતી વૃદ્ધિ દર ઉંચા સ્તરે છે.
4. ભારતની વસતીમાં 0-19 વર્ષની ઉંમર ધરાવતા યુવાનોની સંખ્યા 2011ના સર્વોચ્ચ સ્તર 41 ટકાથી ઘટીને 2041માં 25 ટકા થઈ જશે.

Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 3, 4 **(A)**

**17.** **આર્થિક સર્વેક્ષણ 2018-19 અનુસાર નીચેનામાંથી કયું / કયા વિધાનો સાચા છે ?**

1. વૈશ્વિક અર્થતંત્ર, ઉભરતા બજારો અને વિકાસશીલ અર્થતંત્રમાં વર્ષ 2018માં મંદી આવી છે.
2. નાણાકીય વર્ષ 2018-19માં ભારતે વિશ્વમાં સૌથી ઝડપથી વૃદ્ધિ પામતા મુખ્ય અર્થતંત્રોમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.

Ans. : (A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ ગુજરાતના અમદાવાદ અને જાપાનના કોબે શહેર વચ્ચે સિસ્ટર પાર્ટનરશિપ માટે કરાર

તાજેતરમાં <u>જાપાન</u>ના <u>કોબે</u> નામના શહેરમાં ભારતના વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>ની ઉપસ્થિતિમાં ગુજરાતના <u>અમદાવાદ</u> અને જાપાનના <u>કોબે</u> નામના શહેર વચ્ચે <u>સિસ્ટર સિટી પાર્ટનરશિપ</u> માટે કરાર થયા છે. આ માટે બન્ને દેશો વચ્ચે 'લેટર ઓફ ઈન્ટેન્ટ' (LOI)નું આદાન પ્રદાન કરવામાં આવ્યું છે. આ કરારથી અમદાવાદ અને કોબે વચ્ચે આર્થિક અને સાંસ્કૃતિક સંબંધ મજબૂત થશે.

## ભારત

### ➤ પાકિસ્તાનથી મીઠામાં છૂપાવીને મોકલેલું 2700 કરોડનું હેરોઈન જપ્ત

તાજેતરમાં ભારતના <u>પંજાબ</u>માં આવેલી ભારત અને પાકિસ્તાન વચ્ચેની <u>અટારી સરહદે</u>થી પાકિસ્તાનથી <u>મીઠું (અથવા તો સિંધાલુણ)</u> ભરીને આવી રહેલી ટ્રકમાંથી આશરે <u>રૂ. 2700 કરોડ</u> રૂપિયાની કિંમતનું <u>532 કિલો હેરોઈન</u> પકડાયું છે. જે કોઈ ટ્રેડ રૂટ પરથી પકડાયેલો ભારતીય કસ્ટમ ડિપાર્ટમેન્ટના ઈતિહાસનો આ ડ્રગ્સનો સૌથી મોટો જથ્થો હોવાનું કહેવાય છે.

## ➤ શ્રી કે. નટરાજન કોસ્ટ ગાર્ડના 23મા વડા બન્યા

30 જૂન, 2019ના રોજ શ્રી કૃષ્ણાસ્વામી નટરાજને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના 23મા વડા તરીકે પદભાર સંભાળ્યો છે. ભારતીય કોસ્ટ ગાર્ડની પાંચમી બેચના અધિકારી શ્રી કે. નટરાજન જાન્યુઆરી 1984માં સેનામાં શામેલ થયા હતા. વિશિષ્ટ સેવા માટે તેમને રાષ્ટ્રપતિનો કોસ્ટ ગાર્ડ ચંદ્રક પણ મળી ચૂક્યો છે.

## ➤ જમ્મુ કાશ્મીર અંગેના બે બિલ રાજ્યસભામાં પસાર

કેન્દ્ર સરકારના ગૃહમંત્રી શ્રી અમિત શાહે 1 જુલાઈ, 2019ના રોજ રાજ્યસભામાં રજૂ કરેલા જમ્મુ કાશ્મીર સંબંધિત બે બિલ સર્વસંમતિથી પસાર થઈ ગયા છે. આ બે બિલોમાં (1) જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસનનો સમયગાળો 6 મહિના વધારવા માટેનું બિલ તેમજ (2) જમ્મુ-કાશ્મીરના સરહદી વિસ્તારોમાં વસતા લોકોને 3 ટકા અનામત આપતા બિલ 'જમ્મુ-કાશ્મીર અનામત (સુધારા) બિલ, 2019'નો સમાવેશ થાય છે. આ બંને બિલો આ અગાઉ લોકસભામાં પસાર થઈ ચૂકયા છે.

## ➤ કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળનું નામ બદલવાના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો

ભારતમાં પશ્ચિમ બંગાળની સરકાર દ્વારા પશ્ચિમ બંગાળનું નામ બદલીને 'બાંગ્લા' રાખવા માટે કેન્દ્ર સરકારને એક પ્રસ્તાવ મોકલ્યો હતો. કેન્દ્ર સરકારે આ પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો છે. ભારતીય બંધારણના અનુચ્છેદ 3(E) અંતર્ગત ભારતની સંસદ કોઈ રાજ્યના નામમાં રાજ્યના પ્રસ્તાવ વગર પણ ફેરફાર કરી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ UIDAI દ્વારા દિલ્હી અને વિજયવાડામાં પ્રથમ આધાર સેવા કેન્દ્રનો પ્રારંભ

UIDAI (Unique Identification Authority of India) દ્વારા ભારતમાં આધાર રજિસ્ટ્રેશન અને અપડેશન માટે વર્ષ 2019ના અંત સુધીમાં 114 જેટલા આધાર કેન્દ્ર શરૂ કરવાની યોજના બનાવવામાં આવી છે. આ અંતર્ગત ભારતમાં દિલ્હી અને વિજયવાડા (આંધ્રપ્રદેશ)માં પાયલોટ પ્રોજેકટ તરીકે ભારતના પ્રથમ આધાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે.

## ➤ AES તથા JE રોગ માટે ઉત્તરપ્રદેશ સરકારે 'દસ્તક અભિયાન' લોન્ચ કર્યું

એક્યૂટ એન્સેફેલાઈટિસ સિન્ડ્રોમ (AES) અને જાપાની એન્સેફેલાઈટિસ (JE) રોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથે ઉત્તરપ્રદેશમાં 'દસ્તક અભિયાન' લોન્ચ કર્યું છે. આ અભિયાન અંતર્ગત ઉત્તરપ્રદેશના 75 જિલ્લામાં ઘરે–ઘરે જઈને આ રોગ અંગે માર્ગદર્શન આપવામાં આવશે. યુનિસેફના સહયોગથી ઉત્તરપ્રદેશમાં આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

## ➤ ગરૂડ-VI યુદ્ધ અભ્યાસ

તાજેતરમાં 1 થી 12 જુલાઈ 2019 દરમિયાન ફ્રાન્સના મોન્ટ ડી માર્સન ખાતે ભારત અને ફ્રાન્સની વાયુસેના વચ્ચે ગુરૂડ-VI નામના સંયુક્ત યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભારતના સુખોઇ 30 અને IL-78 વિમાનો તથા ફ્રાન્સના રાફેલ, મિરાજ 2000 જેવા વિમાનોએ ભાગ લીધો છે. આ અગાઉ પાંચમા ગરૂડ યુદ્ધ અભ્યાસનું આયોજન જૂન, 2014માં ભારતના રાજસ્થાનમાં થયું હતું. ભારત અને ફ્રાન્સની વાયુસેના વચ્ચે Interoperability વધારવાના ઉદ્દેશથી આ યુદ્ધ અભ્યાસનું આયોજન કરવામાં આવે છે.

## વિશ્વ

### ➤ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ ઉત્તર કોરિયાની ધરતી પર પગ મૂકનાર અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા

30 જૂન 2019ના રોજ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચે બનેલા ડીમિલિટરાઈઝ્ડ ઝોન (બિનલશ્કરી વિસ્તાર)માં ઉત્તર કોરિયાના શાસક શ્રી કિમ જોંગ ઉન સાથે મુલાકાત કરી હતી. આ સાથે જ શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ ઉત્તર કોરિયાની ધરતી પર પગ મૂકનાર અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપતિ બની ગયા છે.

### ➤ નાસાના PUNCH મિશન માટે ભારતીય વૈજ્ઞાનિક શ્રી દીપાંકર બેનર્જીની પસંદગી

સૂર્યની બહારની સપાટીના ચિત્રો લેવા માટે અમેરિકાની અવકાશ સંસ્થા નાસા દ્વારા PUNCH (પંચ) નામના મિશનનું આયોજન કરવામાં આવ્યું છે. આ મિશનમાં Co-Investigator તરીકે ભારતીય વૈજ્ઞાનિક શ્રી દીપાંકર બેનર્જીની પસંદગી કરવામાં આવી છે. પશ્ચિમ બંગાળમાં જન્મેલા શ્રી દીપાંકર બેનર્જી 'ટાઈટેનિયમ એલોય' પરના તેમના અભ્યાસ માટે જાણીતા છે. વર્ષ 2005માં પદ્મ શ્રી વિજેતા શ્રી દીપાંકર બેનર્જીએ DRDOમાં પણ R & Dના ચીફ કન્ટ્રોલર તરીકે કાર્ય કરેલું છે.

### ICE Questions

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ➤ તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં જાપાન ખાતે ભારત અને જાપાનના કયા બે શહેરો વચ્ચે સિસ્ટર સિટી પાર્ટનરશિપ માટે લેટર ઓફ ઈન્ટેન્ટ (LOI)નું આદાન પ્રદાન કરવામાં આવ્યું છે ? – અમદાવાદ અને કોબે
- ➤ તાજેતરમાં ભારતની કઈ સરહદેથી પાકિસ્તાનથી મીઠામાં છૂપાવીને મોકલવામાં આવેલું રૂ. 2700 કરોડનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે ? – અટારી સરહદ (પંજાબ)
- ➤ તાજેતરમાં ભારતમાં કોસ્ટ ગાર્ડના 23મા વડા તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી કે. નટરાજન
- ➤ તાજેતરમાં જમ્મુ કાશ્મીરમાં કેટલા સમય માટે રાષ્ટ્રપતિ શાસન વધારવા માટેના બિલને લોકસભા તથા રાજ્યસભામાં મંજૂરી આપવામાં આવી છે ? – 6 મહિના
- ➤ તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતના કયા રાજ્યનું નામ બદલવાના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો છે ?– પશ્ચિમ બંગાળ
- ➤ તાજેતરમાં કેન્દ્ર સરકારે પશ્ચિમ બંગાળનું નામ બદલીને શું રાખવાના પ્રસ્તાવનો અસ્વીકાર કર્યો છે ? – બાંગ્લા
- ➤ UIDAI દ્વારા તાજેતરમાં કઈ જગ્યાએ ભારતના પ્રથમ આધાર કેન્દ્ર શરૂ કરવામાં આવ્યા છે ? – દિલ્હી અને વિજયવાડા
- ➤ AES તથા JE રોગ માટે જાગૃતિ ફેલાવવા માટે ભારતના કયા રાજ્યમાં 'દસ્તક અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું છે ? – ઉત્તરપ્રદેશ
- ➤ ઉત્તરપ્રદેશમાં કોના સહયોગથી 'દસ્તક અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું છે ? – યુનિસેફ
- ➤ તાજેતરમાં ભારત અને કયા દેશની વાયુસેના વચ્ચે ગરુડ-VI યુદ્ધ અભ્યાસનું આયોજન થયું છે ? – ફ્રાન્સ
- ➤ તાજેતરમાં શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ ઉત્તર કોરિયાની ધરતી પર પગ મૂકનાર પ્રથમ અમેરિકન રાષ્ટ્રપતિ બની ગયા છે.... તેમણે ઉત્તર કોરિયામાં કઈ જગ્યાએ શ્રી કિમ જોંગ ઉન સાથે મુલાકાત કરી હતી ? – ઉત્તર કોરિયા અને દક્ષિણ કોરિયા વચ્ચેના બિનલશ્કરી વિસ્તારમાં
- ➤ તાજેતરમાં નાસાના PUNCH મિશન માટે કયા ભારતીય વૈજ્ઞાનિકની કો–ઈન્વેસ્ટીગેટર તરીકે પસંદગી કરવામાં આવી છે ? – શ્રી દીપાંકર બેનર્જી

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ગેરકાયદેસર કોલસાનું ખાણકામ ન રોકવાને કારણે સુપ્રીમ કોર્ટે ભારતના કયા રાજ્યને 100 કરોડનો દંડ ભરવાની સૂચના આપી છે ? – મેઘાલય
2. ગેરકાયદેસર કોલસાનું ખાણકામ ન રોકવાને કારણે સુપ્રીમ કોર્ટે મેઘાલય સરકારને કેટલા રૂપિયાનો દંડ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને આપવાની સૂચના આપી છે ? – રૂ. 100 કરોડ
3. તાજેતરમાં ભારતના હૈદરાબાદ ખાતે 34મી નૌકાયાન ચેમ્પિયનશિપનું ઉદ્ઘાટન કોના દ્વારા કરવામાં આવ્યું છે ? – શ્રી ઈ.એસ. એલ. નરસિમ્હન (રાજ્યપાલ આંધ્રપ્રદેશ અને તેલંગાણા)
4. કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી ડો. હર્ષવર્ધન દ્વારા તાજેતરમાં રાજ્યસભામાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં વર્ષ 2025 સુધીમાં આરોગ્ય સેવા પાછળનો ખર્ચ વધારીને GDPના કેટલા ટકા સુધી લઈ જવામાં આવશે ? – 2.5 ટકા
5. માઈક્રોફાઈનાન્સ ઈન્સ્ટિટયૂશન નેટવર્ક (MFIN)ના ચેરમેન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી મનોજકુમાર નામ્બિયાર
6. તાજેતરમાં ભારતના કયા ક્રિકેટરે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે ? – શ્રી અમ્બાતી રાયડુ (આંધ્રપ્રદેશ)
7. તાજેતરમાં શ્રી અમ્બાતી રાયડુએ ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે....તેઓ ભારતના કયા રાજ્યના ક્રિકેટર હતા ? – આંધ્રપ્રદેશ
8. તાજેતરમાં કઈ ટીમને પરાજય આપીને ભારતીય ક્રિકેટ ટીમ વર્લ્ડ કપની સેમી ફાઈનલમાં પહોંચી ગઈ છે ? – બાંગ્લાદેશ
9. 1 જુલાઈ, 2019થી કયા દેશે સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મૂકયો છે ? – ન્યુઝીલેન્ડ
10. સિંગલ યુઝ પ્લાસ્ટિક શોપિંગ બેગની જાડાઈ કેટલા માઈક્રોનથી ઓછી હોય છે ? – 70 માઈક્રોનથી ઓછી
11. તાજેતરમાં ભારતના કયા રાષ્ટ્રીય અભયારણ્યમાં ગેંડા માટે વિશેષ સુરક્ષા દળ તૈનાત કરવામાં આવ્યું છે ? – કાઝીરંગા રાષ્ટ્રીય અભયારણ્ય (આસામ)
12. તાજેતરમાં ગૃહ મંત્રાલય દ્વારા ભારતના કયા રાજ્યમાં AFSPAનો અમલ છ મહિના માટે વધારવામાં આવ્યો છે ? – નાગાલેન્ડ

13. AFSPA એક્ટનું પૂરું નામ શું છે ? – Armed Forces (Special Powers) Act, 1958

14. નેશનલ હાઉસિંગ બેન્ક (NHB)ના મેનેજિંગ ડિરેક્ટર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
– શ્રી શારદા કુમાર હોટા

15. તાજેતરમાં ભારતના કયા રાજ્યના 15 જિલ્લામાં ખેડૂતો માટે મફત પાક વીમા યોજના લોન્ચ કરવામાં આવી છે ?
– પશ્ચિમ બંગાળ

16. વર્ષ 2019ની ખરીફ સીઝન માટે પશ્ચિમ બંગાળમાં ખેડૂતોને મફત પાક વીમો આપવા માટે કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ? – બાંગ્લા શશ્ય બીમા

17. ઈન્ટરનેશનલ વ્હેલિંગ કમિશનનું સભ્ય પદ છોડયા બાદ તાજેતરમાં કયા દેશે વ્યાવસાયિક રીતે વ્હેલનો શિકાર કરવાનો ફરીથી પ્રારંભ કર્યો છે ? – જાપાન

18. વિશ્વમાં વ્હેલના સંરક્ષણ માટે 2 ડિસેમ્બર, 1946ના રોજ કઈ સંસ્થાની સ્થાપના કરવામાં આવી હતી ? તેનું વડું મથક કયાં આવેલું છે ? – ઈન્ટરનેશનલ વ્હેલિંગ કમિશન, ઈમ્પિંગ્ટન (બ્રિટન)

19. International Security Coalitionના પ્રથમ સંયુક્ત સુરક્ષા અભ્યાસનું તાજેતરમાં કયાં આયોજન કરવામાં આવ્યું હતું ? – અબુધાબી (UAE)

20. યુનાઈટેડ આરબ અમિરાતની રાજધાની અબુધાબી ખાતે તાજેતરમાં યોજાયેલા આંતરરાષ્ટ્રીય સુરક્ષા ગઠબંધનના પ્રથમ સંયુક્ત સુરક્ષા અભ્યાસને શું નામ આપવામાં આવ્યું હતું ? – ISALEX19

21. શનિ ગ્રહના સૌથી મોટા ચંદ્ર ટાઈટન પર જીવનની શોધ કરવા માટે નાસા દ્વારા વર્ષ 2026માં કયું મિશન લોન્ચ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – ડ્રેગનફલાઈ

22. નાસા દ્વારા વર્ષ 2026માં કયા ગ્રહના કયા ચંદ્ર પર જીવનની શોધ કરવા માટે ડ્રેગનફલાઈ નામનું મિશન લોન્ચ કરવામાં આવશે ? – શનિના ચંદ્ર ટાઈટન પર

23. કેન્દ્રીય રેલવે મંત્રી શ્રી પિયૂષ ગોયલે તાજેતરમાં લોકસભામાં આપેલી માહિતી અનુસાર રેલ માર્ગમાં આવતા અવરોધો વિશે માહિતી મેળવવા માટે ભારતીય રેલવે દ્વારા હાલ કઈ ટેક્નોલોજીનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે ?
– ત્રિનેત્ર (Tri-Netra)

24. ભારતીય રેલવે દ્વારા પરીક્ષણ કરવામાં આવી રહેલી ટેક્નોલોજી ત્રિનેત્ર (Tri-Netra)નું પૂરું નામ શું છે ?
– Terrain Imaging for Drivers Infrared, Enhanced, Optical & Radar Assisted

25. તાજેતરમાં ભારતના કયા રાજ્યની કેબિનેટ દ્વારા મહિલાઓને નાઈટ શિફટમાં કામ કરવાની મંજૂરી આપવા 'ફેકટરી એક્ટ, 1948'માં સુધારાને મંજૂરી આપવામાં આવી છે ? – ગોવા

26. તાજેતરમાં સાત ખંડોના સૌથી ઊંચા પર્વત શિખરોને સર કરવાની સિદ્ધિ મેળવનાર ભારતના પ્રથમ IPS અધિકારીનું નામ શું છે ? – સુશ્રી અપર્ણા કુમાર (DIG ઈન્ડો–તિબેટ બોર્ડર પોલીસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

27. વિશ્વના સાત ખંડોના સૌથી ઊંચા પર્વત શિખરોને સર કરવાનું કાર્ય કયા નામે ઓળખાય છે ?

– સેવન સમિટ્સ ચેલેન્જ

28. ભારતમાં 1 જુલાઈ 2019ના રોજ શરૂ થયેલી પ્રસિદ્ધ અમરનાથ યાત્રા કેટલા દિવસ સુધી ચાલશે ?

– 45 દિવસ

29. વર્ષ 2019માં સાઉદી અરેબિયાએ ભારતનો હજ કોટા 1,70,000થી વધારીને કેટલા વ્યક્તિ પ્રતિ વર્ષ કરી દીધો છે ?

–2 લાખ

30. વર્ષ 2019માં સાઉદી અરેબિયાએ ભારતના હજ કોટામાં કેટલો વધારો કર્યો છે ? – 30,000

31. તાજેતરમાં કોના દ્વારા લખાયેલા ‘અ પ્રાઈમ મિનિસ્ટર ટુ રિમેમ્બર : મેમરીઝ ઓફ અ મિલિટ્રી ચીફ’ નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું છે ? – એડમિરલ સુશીલ કુમાર (નૌસેનાના પૂર્વ વડા)

32. તાજેતરમાં ભારતીય નૌસેનાના પૂર્વ વડા એડમિરલ સુશીલ કુમાર દ્વારા પ્રસિદ્ધ થયેલા પુસ્તક ‘અ પ્રાઈમ મિનિસ્ટર ટુ રિમેમ્બર : મેમરીઝ ઓફ અ મિલિટ્રી ચીફ’ નામના પુસ્તકમાં ભારતના કયા વડાપ્રધાનના મુખ્ય સંરક્ષણ નિર્ણયોનું વર્ણન છે ? – શ્રી અટલ બિહારી વાજપેઈ

33. તાજેતરમાં 17મી લોકસભા દ્વારા પસાર કરવામાં આવેલા પ્રથમ બિલનું નામ શું છે ?

– સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (સુધારા) બિલ, 2019

34. ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (FIEO)ના નવા અધ્યક્ષ તરીકે શ્રી ગણેશ કુમાર ગુપ્તાના સ્થાને તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી શરદ કુમાર સરાફ

35. જુલાઈ, 2019 દરમિયાન લીબિયાથી ભૂમધ્ય સાગરના રસ્તે ઈટલી જઈ રહેલી એક બોટ કયા દેશના તટવર્તી વિસ્તારમાં ડૂબી જતાં આશરે 80 લોકોના મોત થયા છે ? – ટ્યૂનિશિયા

36. જુલાઈ, 2019 દરમિયાન ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના પ્રસિદ્ધ શિલ્પકાર શ્રી રામ વી. સુથાર દ્વારા નિર્મિત શ્રી લાલ બહાદુર શાસ્ત્રીની 18 ફૂટ ઊંચી ધાતુની પ્રતિમાનું ભારતના કયા શહેરના એરપોર્ટ પર અનાવરણ કર્યું છે ? – વારાણસી (ઉત્તરપ્રદેશ)

37. તાજેતરમાં ભારતના કયા શહેરના ટ્રાફિક સિગ્નલ પર દેશમાં સૌપ્રથમ વખત LED સ્ટ્રીપવાળી ટ્રાફિક લાઈટ લગાવવામાં આવી છે ? – હૈદરાબાદ

38. તાજેતરમાં ભારતમાં OBCની 17 જાતિઓને SCમાં સમાવવાના કયા રાજ્યની સરકારના નિર્ણયને કેન્દ્ર સરકારે અયોગ્ય ગણાવ્યો છે ? – ઉત્તરપ્રદેશ

39. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારે સામાન્ય કેટેગરી હેઠળ આવતા આર્થિક રીતે પછાત સવર્ણોનું સરકારી નોકરીઓ અને શિક્ષણ ક્ષેત્રમાં 10 ટકા અનામત આપવાની જાહેરાત કરી છે ? – પશ્ચિમ બંગાળ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**40.** ભારતમાં કૃષિ નિકાસને પ્રોત્સાહન આપવા માટે 11થી 13 ઑક્ટોબર, 2019 દરમિયાન ભારતમાં કઈ જગ્યાએ સૌપ્રથમ 'ઈન્ટરનેશનલ સહકારી ટ્રેડ ફેર'નું આયોજન કરવામાં આવશે ? **– પ્રગતિ મેદાન, નવી દિલ્હી**

**41.** ભારતમાં ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશથી કૃષિ નિકાસની વૃદ્ધિ માટે ભારતમાં કયા ફોરમની સ્થાપના કરવાની શ્રી પિયુષ ગોયલે તાજેતરમાં જાહેરાત કરી છે ?

**– Cooperative Sector Exports Promotion Forum (CSEPF)**

**42.** ભારતમાં કૃષિ નિકાસને પ્રોત્સાહન આપવા ભારતની કઈ સંસ્થા અંતર્ગત 'કોઓપરેટીવ સેક્ટર એક્ષ્પોર્ટ્સ પ્રમોશન ફોરમ (સહકારી સેક્ટર નિકાસ પ્રોત્સાહન મંચ – CSEPF)'ની રચના કરવામાં આવશે ?

**– National Cooperative Development Corporation (NCDC)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## :: ખાસ નોંધ ::

## ગુજરાત તથા ભારત સરકારનું વર્ષ2019-20નો બજેટ વિશેષાંક ટૂંક સમયમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.